# અધ્યાત્મ

## ईश्वर से उम्मीद रखनेवाला इंसान

### जीवन में कभी नहीं हारता

વર્ષ : ૪૭, જુલાઈ ૨૦૨૫ અંક : ૧૦

॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**


**સંસ્થાપક :** પરમ પૂજ્ય શ્રીયોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રીનારાયણ જાની

**સંપાદક :** શ્રીતરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રીઆશિષ વી. ગોહિલ P.966 466 9052

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં,
ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'


ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ **૮-૦૦**। દસ વર્ષ માટે **૨૫૦/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। દસ વર્ષ માટે **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**


'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

## ॥ 'હું તારી સાથે જ છું' ॥

મધુરી મા !
આટલી બધી તારી કરુણા !
અખૂટ વાત્સલ્ય, સક્રિય માર્ગદર્શન
જીવનના તેજતિમિરમાં તારો સંગાથ,
અપાર્થિવ મધુર સંવાદ, અમાપ પ્રેમ !
તારા સ્પર્શથી ક્ષોભ કેવો શમી જાય છે !
મૂંઝવણની પળોમાં કેવો આશ્વસ્ત થાઉં છું !
અંતરના ઊંડાણમાં કેટલી શાંતિ છવાય છે !
મા,
આંધીતોફાનથી ત્રાસું છું ત્યારે
તારી ગોદમાં લપાઈ જાઉં છું.
'હું તારી સાથે જ છું' કેવો ધૈર્ય બંધાવતો સાદ !
મારું સમગ્ર અસ્તિત્વ
તારું સ્તુતિગાન બની જાય છે.

**—'અમૃતમ્'**
**શ્રીનાથાલાલ જોશી**



# ॥ યજ્ઞોપવીત વિશેષાંક ॥

(ભાગ -૨)

સતત પ્રવાહશીલ જગતમાં
પ્રતિષ્ઠા, ધન કે વિદ્વત્તાનું
અહમ્‌ગ્રસ્ત મૂલ્ય નિ:સત્ત્વ છે.
સત્ત્વશીલ પ્રભુનો એક માત્ર સંગ
શાશ્વત, સભર અને પરમ રક્ષક છે.

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| | નિવેદન | | ૭ |
| ૧ | શ્રીયોગેશ્વરકથામૃત | શ્રી 'મા' સર્વેશ્વરી | ૮ |
| ૨ | સોળ સંસ્કારોનો પરિચય | સોળ સંસ્કાર સમુચ્ચયમ્ | ૧૦ |
| ૩ | પૂ.શ્રી'મા'નો યજ્ઞોપવીત મહાયજ્ઞ | ડૉ. અર્પિતા જોશી | ૧૭ |
| ૪ | દેવત્વનું રાજવી ઐશ્વર્ય | શ્રી નિશા પંડ્યા | ૨૫ |
| ૫ | 'સ્વર્ગારોહણ'નો સંસ્કાર મહોત્સવ | શ્રી રૂચિત પંડ્યા | ૨૮ |
| ૬ | પરમ પૂજ્ય 'મા' સર્વસમર્થ કલ્પવૃક્ષ | શ્રી નિકુંજ જોશી | ૩૬ |
| ૭ | યજ્ઞોપવીત સંસ્કારપર્વ | શ્રી અશ્વિન કાકા | ૪૯ |

## નિવેદન : 'અધ્યાત્મ' સામયિકની એક આશ્ચર્યજનક ઘટના

'સ્વર્ગારોહણ'માં તા.૧૫/૧૬ ફેબ્રુઆરીમાં પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરીનો શુભ સંકલ્પજનિત પવિત્ર, દિવ્ય 'યજ્ઞોપવીત સમારોહ' એટલી સુંદર રીતે સંપન્ન થયો કે એ 'શાશ્વત સ્મરણ' રૂપે ત્યાં ઉપસ્થિત સર્વના ચિત્તમાં મુદ્રિત થઈ ગયો. એને પોંખવા સ્વાભાવિકતયા જ ઘણી સંવેદનશીલ કલમો આગળ આવી. એ સર્વનો સમાવેશ એક અંકમાં થઈ શકે એમ ન હતો તેથી જૂનનો અનુગામી જુલાઈનો 'અધ્યાત્મ'નો અંક પણ 'યજ્ઞોપવીત' વિશેષાંક બની રહ્યો !

આમ તો 'સ્વર્ગારોહણ'ના પ્રાંગણમાં જે જે પર્વ આવે છે તે પૂ.શ્રી'મા'ની મૌલિક દૃષ્ટિથી તેમજ અત્યંત સંવેદનાત્મક-કલાત્મક અભિવ્યક્તિથી અવિસ્મરણીય બની રહે છે. જે રીતે સરોડાધામની પરમ પૂ.શ્રી યોગેશ્વરજીની પદરજ ને કળશો મસ્તકે ધરી ભક્તોએ એને પદયાત્રાનું ગૌરવ અર્પ્યું. હજી હમણાં જ પૂ.શ્રી'મા'નાં પ્રભુનિર્ણિત પવિત્ર નિવાસસ્થાન 'સત્યપથ' તીર્થને અહીં સંપૂર્ણ ગૌરવ સાથે પ્રતિષ્ઠિત કર્યું. આવા તો અનેકાનેક દૃષ્ટાંતો છે.

આ 'યજ્ઞોપવીત' સંસ્કારના સમારોહ દ્વારા પૂ.શ્રી'મા'એ ભારતીય સંસ્કૃતિ, ધર્મનો ઢંઢેરો પીટ્યા વિના, નવી પેઢીના એના વિસ્મરણોને ટોક્યા વિના બહુ શાંતિથી, પ્રેમથી, અતિ વિનમ્રતાથી, કેવળ પ્રભુઅનુગ્રહનો પર્યાય ગણી, સનાતન પરંપરાનો એવો આધુનિક વિનિયોગ કરી બતાવ્યો કે પુરાતનતાએ નિત્ય નૂતનતાનો સ્વાંગ ધારી લીધો ! કોઈ આગ્રહ, અભિનિવેશ વિના, પ્રચારના પ્રયત્ન વિના જ 'ચૈતન્યપ્રસાર' થઈ ગયો ! આ અદ્ભુત યજ્ઞોપવીત અભિયાન દ્વારા પૂ.શ્રી'મા' સૂચવવા માગે છે કે 'જેમને જગત માટે ખરેખર કામ કરવું છે તેમણે શાંત, નીરવ રહીને, 'જગતનું રૂપાંતર કરનારી દિવ્ય શક્તિને' પોતાનામાં સક્રિય કરવાની છે; જેથી તેઓ 'પ્રભુના સાચા કરણ' બને.'

યાદ રહે કે, આ નાના-નાના બટુકો એક પરમ ચેતનાના ચૈતન્યઅંશો છે; એમનું અભિવાદન કરી, ધન્ય બનો.

પ્રત્યેક શ્વાસે 'પ્રભુકૃપા હી કેવલં કારણમ્' રટનાર-રટાવનાર પરમ પૂ.શ્રી'મા'ના શ્રીચરણોમાં કોટી કોટી પ્રણામ.

## ॥ શ્રીયોગેશ્વરકથામૃત ॥

### તા.૭/૬/૧૯૮૩, મંગળવાર. વૈશાખ વદ અગિયારસ, વિ.સં.૨૦૪૦

### સ્થળ : મસુરી.

સવારે નિત્યકર્મ નિયમ મુજબ થયું. બપોરે બાર વાગ્યે સૌ આવી ગયાં. પાંચ ભાઈબેનોએ આજે અહીંથી છૂટા પડવાનું નક્કી કર્યું હતું. એ મુજબ તે સૌ વિદાય થશે. પરંતુ બીજી મંડળી પણ ઓચિંતી આજે રવાના થવા તૈયાર થઈ ગઈ, એ જરા આશ્ચર્ય આપે એવી ઘટના હતી.

પૂ.શ્રીએ એ ઘટનાને હળવાશથી મન ઉપર લીધી ને વાતો કરતાં કહ્યું : 'કોઈ કોઈની સાથે કાયમ રહી શકતું નથી. જેવા જેના ઋણાનુબંધ. વિશેષ તો અન્નજળની વાત છે. સંસાર સ્વપ્ન જેવો કહ્યો. તે મોટુ સ્વપ્ન ને આ વળી નાનું સ્વપ્ન ! ભેગા થયા ને છૂટા થાય. પંદર દિવસની યાત્રા.'

કોઈ દુષિત અન્ન ખાવામાં આવી જાય તો મનને વિકૃત થતાં વાર ન લાગે. તે અન્ન ખાનારને તેવી જ અવળી બુદ્ધિ સુઝે. મફતનું સાધુઓની જગ્યાનું ખાવું પણ બરાબર નથી. એવા અન્નથી મન ઉચાટનો અનુભવ કર્યા કરે. યાત્રીઓમાંથી કેટલાંકને એવો અનુભવ થઈ ગયો.

હીરાની કસોટી ઘસીએ તો જ થાય ને ! દરરોજ એક-બે કલાક મળનાર માનવની સાથે ઘણાં કલાકો વિતાવવાના આવે ત્યારે તે માનવનો સાચો ખ્યાલ આવે.

યાત્રાની આ મંડળીમાં એક સમર્પિત જીવ છે. એક વળી જ્ઞાની છે. એક વળી આદર્શ માનવ તો એક વળી વેપારી ગણત્રીવાળો જીવ છે. વિવિધ સ્વભાવવાળા જીવો ભેગા થયેલા. હવે પોતપોતાને ઠેકાણે.

સૌ વિદાય થયા. એક મંડળી હરિદ્વારથી સીધી જશે. બીજી ગોકુળ, મથુરા થઈને જશે. પૂ.શ્રીએ સંસાર એવો જ છે એનો પ્રત્યક્ષ અનુભવ જાણે કરાવ્યો. કોઈ કોઈનું નથી, એ વાતને વારંવાર યાદ કરાવી.

સાંજે દિલ્હીથી અજાણ્યા ભાઈબેનો તપાસ કરતાં કરતાં ઉપર આવ્યાં. તેમણે કહ્યું, 'ચાર-પાંચ વર્ષ ઉપર અહીં અમે સત્સંગનો લાભ લીધો હતો તે આજે યાદ આવ્યું. અમે અહીં આ વખતે જ એક માસ માટે આવ્યા છીએ. એટલે તપાસ કરવા આવ્યા છીએ. આપનાં પ્રવચન અમે સાંભળ્યા હતાં એવો ખ્યાલ છે. તો પ્રવચનો અહીં શરૂ થશે ?'

આ પ્રશ્નોના ઉત્તરોમાં પૂ.શ્રીએ કહ્યું, 'હા. અહીં તો અમારા પ્રવચનો થતા રહેશે. એક-બે દિવસમાં પ્રવચનો શરૂ થશે. આપનું નામ શું ? આપનો આશ્રમ ક્યાં છે ?'

પૂ.શ્રીએ વિગતવાર પોતાનો પરિચય આપ્યો. માતાજીનું સ્મરણ કર્યું.

આગંતુક : પરદેશમાં આપનાં પ્રવચનો કોણ ગોઠવે છે ?

પૂ.શ્રીએ સાઉથ આફ્રિકા કેવી રીતે જવાનું થયું તેની વાત કરતાં કહ્યું, 'કાર્યક્રમ વળી ગોઠવનાર કોણ હોઈ શકે ? જેણે આખા જગતને ગોઠવ્યું તે ગોઠવે. લોકોને મદદ પહોંચાડવા ગોઠવે. આપણે તો બંસરી છીએ. વગાડનાર તો બીજા જ છે. એટલું સમજાઈ જાય તો પણ બસ છે.'

પૂ.શ્રી હવે અહીં હિન્દીમાં જ વાતો કરે છે. હિન્દી ભાષા જ જનતાને મળવાનું માધ્યમ છે.

રાત્રે શ્રીરતનલાલજી, સંસ્થાના પ્રમુખ મળવા આવે છે. તેમણે સામેથી યાત્રીઓ પૈકી જે શ્રીકલ્યાણ રહ્યા છે તેમની વ્યવસ્થા નીચેના હૉલમાં વિના મૂલ્યે કરી દીધી. પૂ.શ્રીએ એ પ્રસંગને પ્રભુની કૃપા ગણાવી. દરરોજના ૬૦-૬૫/—રૂપિયા રહેવાના જ સામાન્ય હૉટલમાં પણ હોય. ત્યાં વિના મૂલ્યે પૂ.શ્રી પ્રત્યેની શ્રદ્ધાભક્તિને લીધે શ્રીરતનલાલજીએ વ્યવસ્થા કરી તે પ્રભુની કૃપા જ ગણાય. રાત્રે આરામ.

હરિઃૐ, હરિઃૐ, હરિઃૐ

**—શ્રી 'મા' સર્વેશ્વરી**

# ॥ સોળ સંસ્કારોનો પરિચય ॥

મનુષ્ય પોતાના જીવનને વધુ સુંદર, વધુ પવિત્ર, વધુ પ્રગતિશીલ બનાવવા વધારે ને વધારે 'સુસંસ્કૃત' થઈ રહ્યો છે. કારણ કે જીવનને સંસ્કારી શકાય છે એવું જ્ઞાન કેવળ મનુષ્યને જ છે. આથી જ તેણે પથ્થરયુગના આદિવાસી જીવનમાંથી ખેતી-ઔષધિ-વિનિમય વગેરે વ્યવહારલક્ષી પ્રવૃત્તિઓ પ્રકૃતિ દ્વારા પોતાને પ્રાપ્ત થયેલા તન, મન તથા બુદ્ધિના સંસ્કારને આધારે શરૂ કરી.

પ્રકૃતિ દ્વારા મળેલાં તન, મન અને બુદ્ધિને સંસ્કારવાથી માનવજીવનને આત્મસાક્ષાત્કાર તરફ જઈ શકાય તે માટે આપણા ધર્મજ્ઞ અને સમાજમર્યાદાના રક્ષક ઋષિવર્યોએ 'સંસ્કાર' રૂપે ધાર્મિક વિધિવિધાનોની વિશ્વને ભેટ આપી.

સંસ્કાર એટલે વારંવાર થતી સુધારણાઓ, સંસ્કરણોનો પરિપાક. જૈમિનિસૂત્રમાં સંસ્કારની વ્યાખ્યા કહેતાં કહ્યું છે : 'संस्कारो नाम स भवति यस्मिन् जाते पदार्थो भवति योग्यः कस्यचिदर्थस्य' – અર્થાત્ 'સંસ્કાર એ છે કે જેના દ્વારા કોઈ પદાર્થ કે વ્યક્તિ કોઈ કાર્ય માટે યોગ્યતા પ્રાપ્ત કરી લે છે.'

વળી, તંત્રવાર્તિક કહે છે : 'योग्यतां चादधानाः क्रियाः संस्कारा इत्युच्यते ॥' અર્થાત્ સંસ્કાર એ ક્રિયાઓ કે રીતિઓ છે, જે યોગ્યતા પ્રદાન કરે છે. આમ, 'સંસ્કાર એટલે કોઈક વિધિ દ્વારા કોઈક નવો ગુણ ઉમેરવો અને દોષ દૂર કરવો.'

યોગ્યતા બે પ્રકારની હોય છે : પાપમુક્ત થવાથી ઉમેરાતી યોગ્યતા અને નવા ગુણો ઉમેરાવાથી મળતી યોગ્યતા. જીવનમાં આવશ્યક ગુણો આવે, વધુ સુંદર અને પ્રગતિશીલ બનાય તેમજ અનિષ્ટ તત્ત્વો દૂર થાય એ જીવનનો સંસ્કાર છે. આવા સંસ્કારમય જીવનનો આદર્શ સિદ્ધ કરવા વૈદિક કાળના લોકોએ

જે શાસ્ત્રવિહિત ક્રિયાઓ સૂચવી અને જે ધાર્મિક વિધિ-વિધાનો આપ્યાં તે મુખ્યત્વે ૧૬ વિભાગમાં વહેંચાયાં :

૧. ગર્ભાધાન, ૨. પુંસવન, ૩. સીમન્તોન્નયન, ૪. જાતકર્મ, ૫. નામકરણ, ૬. નિષ્ક્રમણ (૧/૧૧ યાજ્ઞવલ્ક્ય મુજબ) અથવા ૬. કર્ણવેધ (વ્યાસસ્મૃતિ ૧/૧૯ મુજબ), ૭. અન્નપ્રાશન, ૮. ચૌલ, ૯. ઉપનયન, ૧૦ થી ૧૩ – ચાર વેદવ્રતો, ૧૪. કેશાન્ત, ૧૫. સમાવર્તન, ૧૬. વિવાહ.

મહર્ષિ ગૌતમ તથા કેટલાક ગૃહ્યસૂત્રોએ અંત્યેષ્ટિવિધિને સંસ્કાર ગણ્યો નથી, કારણ કે તે મૃતકનો વિધિ છે. જીવંતનો હોય તેને જ 'સંસ્કાર' કહે છે. આ તર્ક પ્રમાણે જોઈએ તો ગર્ભાધાન વખતે તો વ્યક્તિનું અસ્તિત્વ જ નથી હોતું, છતાં ગર્ભ ઉપર માતાની ભાવનાના સંસ્કાર પડે છે જ, તેથી તેને સંસ્કાર ગણવામાં આવે છે. તેમ મૃત્યુ પછી મરનારના જીવને મૃત્યુ પામેલા દેહના વળગણમાંથી મુક્ત કરવાને લગતા અંત્યેષ્ટિવિધિને પણ સંસ્કાર ગણવામાં કશું અયોગ્ય નથી, આવું પણ ભગવાન મનુ, બ્રહ્મર્ષિ યાજ્ઞવલ્ક્ય ને વિષ્ણુધર્મ સૂત્રકાર માને છે.

જેમાં પહેલાં આઠ અને સમાવર્તન સંસ્કારો માતા-પિતા દ્વારા થયેલા દોષથી મુક્તિ અને શરીરની પવિત્રતાની ઉત્પત્તિ માટે નિર્ધારિત થયા છે. વેદાધ્યયન અને ઉપનયનનો સંબંધ આધ્યાત્મિક અને સાંસ્કૃતિક હેતુઓ સાથે છે. નવા જીવનનો પ્રારંભ, ગુણસંપન્ન વિદ્વાન વ્યક્તિઓ સાથેનો બાળકનો સંબંધ અને નિયમપાલનનો મહત્ત્વનો તબક્કો આ સંસ્કારો સાથે શરૂ થાય છે. વિવાહ સંસ્કારનું મહત્ત્વ બે વ્યક્તિઓનો આત્મનિગ્રહ, આત્મત્યાગ અને પરસ્પર સહયોગની ભૂમિ પર વ્યક્તિને સ્થિર કરવામાં રહેલું છે. આમ, સંસ્કારો દ્વારા ભૌતિક અને આધ્યાત્મિક ફળની પ્રાપ્તિનો ઉદ્દેશ તો છે જ, પરંતુ મુખ્યપણે આ સંસ્કારો ક્રિયાકાંડોમાં ન સમાઈ રહેતાં આચારધર્મ

બની રહે તે હેતુ પણ સમાયેલો છે. જેનાથી માનવ-વ્યક્તિનાં બાહ્ય અને આધ્યાત્મિક પાસાં ઊઘડે છે અને કર્મઠતા આવે છે. વળી, વિધિપૂર્વક કરેલા સંસ્કારો માનવમાં બ્રહ્મભાવ જાગ્રત કરે છે.

મર્મ સમજ્યા વિના કેવળ અંધશ્રદ્ધાથી માત્ર સ્થૂળ દૃષ્ટિએ થનારા અને યજમાન કે પુરોહિતનાં અશુદ્ધિ ધરાવનારાં વિધિ-વિધાનોથી ક્યારેય ઇચ્છિત ફળ મળતું નથી. માટે પુરોહિત ને યજમાન બંનેની શુદ્ધિ અને સમજપૂર્વકની શ્રદ્ધા આવશ્યક છે. જો સંસ્કૃતિ બચાવવી હોય તો સમજપૂર્વક શાસ્ત્રવિધિ કરવી જોઈએ.

## સંસ્કારો અને તેના હેતુઓ

**૧. ગર્ભાધાન :**

વિવાહ પછી દંપતીએ ઓછામાં ઓછું ત્રણ દિવસનું બ્રહ્મચર્યપાલન કરવું જોઈએ. આયુર્વેદના નિયમ મુજબ રજસ્વલા થયા બાદ ઋતુસ્નાનથી પવિત્ર થયેલી પત્ની સાથેના પ્રથમ મિલનને ગર્ભાધાન સંસ્કાર કહે છે. જેમાં આવેગો કરતાં ધર્મબુદ્ધિને મહત્ત્વ આપવામાં આવ્યું છે. ગર્ભ ધારણ કરનાર માતાએ, શિશુના સંસ્કાર લાભ માટે કેટલાક નિયમો પાળવાની આજ્ઞા પણ કરવામાં આવી છે.

**૨. પુંસવન :**

ગર્ભાધાન બાદ બીજે કે ત્રીજે માસે ગર્ભ સ્ફુરણ થવા માંડે ત્યારે આ સંસ્કાર થાય છે. જેમાં સ્વસ્થ બાળક કે બાલિકાનો જન્મ થાય તેવી ભાવના રહેલી હોય છે.

**૩. સીમન્તોન્નયન :**

આ સંસ્કારને 'સીમન્ત' પણ કહે છે. તે ગર્ભવતી માતા અને ગર્ભ બંનેની સુરક્ષા માટે કરવામાં આવે છે. જેમાં ઉત્સવનું સ્વરૂપ હોય છે. આ સંસ્કાર દ્વારા ભવિષ્યમાં જન્મનાર બાળકને

કુટુંબમાં આવકાર મળે તે ભાવના હોય છે, કેમ કે તે કુલવૃદ્ધિનો વાહક છે. આ સંસ્કાર ગર્ભવતી સ્ત્રીને છટ્ઠે કે સાતમે માસે કરવામાં આવે છે. જો કસમયે પ્રસૂતિ થઈ હોય તો પછીથી પણ આ સંસ્કાર કરવામાં આવે તેવી શાસ્ત્ર-આજ્ઞા છે.

ભાવિ માતાના મસ્તકે સીમન્ત (પાંથી) પાડી તેના વાળ ઊંચા ઓળવામાં આવે છે, તેથી પણ સીમન્તોન્નયન નામ સાર્થક છે.

**૪. જાતકર્મ :**

બાળકનો જન્મ થયા પછી માતા અને દાયણ સિવાય બીજું કોઈ પણ નવજાત શિશુને જુએ તે પહેલાં આ વિધિ કરવામાં આવે છે.

જેમાં પિતા પોતાના નવજાત શિશુની બુદ્ધિના વિકાસ માટે અને આયુષ્યવૃદ્ધિ માટે મંત્રજાપ કરી દેવોને સ્તુતિ કરે છે. વળી, જન્મેલા બાળકને સોનાની સળીના અગ્રભાગે રહે તેટલું ઘી મિશ્રિત મધ ચટાડવામાં આવે છે. જાતકના પિતાએ વૃદ્ધિ સૂતક પણ પાળવાનું હોય છે.

**૫. નામકરણ :**

નવજાત શિશુના જન્મનક્ષત્ર પરથી અથવા જન્મરાશિ પરથી તેનું નામ પાડવાનો રિવાજ ઘણા લાંબા સમયથી પ્રચલિત છે, પણ ધર્મશાસ્ત્રોમાં નક્ષત્રવાળાં નામ પાડવાનો જ ઉલ્લેખ છે. રાશિ પરથી નામ પાડવાનો કોઈ ઉલ્લેખ મળતો નથી. પરંતુ કાળક્રમે હિંદુ વિદ્વાનોએ માન્ય કરેલી વિધિ હોવાથી પરંપરાગત રાશિનું અનુસરણ થાય છે. આ સંસ્કાર જન્મના દસ દિવસ પછી શાસ્ત્રોએ જણાવ્યા પ્રમાણેના દિવસે કરવામાં આવે છે, જેમાં શિશુનું વિધિવત્ નામકરણ કરી, આચાર્યને પગે લગાડી, આયુષ્યમંત્રો બોલવામાં આવે છે.

**૬. નિષ્ક્રમણ :**

ચાર માસ સુધી નવજાત શિશુને ઘરની બહાર લઈ જવાતું

નથી. તે પછી શુભ મુહૂર્તમાં તેને સ્નાન કરાવી, વિધિવત્ સૂર્યનું દર્શન કરાવવામાં આવે છે. આ સંસ્કારથી બાળકને બાહ્ય જગતનો પરિચય થાય, તેની સહનશક્તિ વધે અને સ્વાસ્થ્ય સુરક્ષા થાય, આ હેતુ સિદ્ધ થાય છે.

**૭. અન્નપ્રાશન :**

બાળકને સૌ પ્રથમ અન્ન જમાડવાનો આ વિધિ છે. જે મોટે ભાગે છ માસે થાય છે. રાંધેલા ચોખાનો હોમ કરી, મધ, દહીં અને ઘી મેળવેલા ભાત થોડી માત્રામાં ચટાડવામાં આવે છે. તે સમયે બાળકને દાંત ફૂટેલા હોવા જોઈએ.

હાલ આંબાનો મોર અને મધ વગેરે ચખાડવાનો પ્રચાર પણ છે. હોમ વગેરે કાર્યો કરવામાં આવતાં નથી.

**૮. ચૌલ :**

એક વર્ષથી ત્રણ વર્ષની ઉંમરમાં આ સંસ્કાર કરાવવામાં આવે છે. ચૌલ અથવા ચૂડાકરણ સંસ્કારમાં બાળકના મસ્તકેથી પ્રથમ જ વખત વાળ ઉતરાવી, ગોત્રના આચાર મુજબ એક કે વધુ શિખા રાખવામાં આવે છે.

હાલ તો આ વિધિને સામાજિક સ્વરૂપ અપાયું છે, પણ વિધિનો ભાગ લુપ્ત થઈ ગયો છે. આ જ સંસ્કાર સમયે બાળક સામે પુસ્તક-કલમ-હથિયાર-ધન-દર્પણ વગેરે વસ્તુઓ મૂકવામાં આવે. બાળક જે ઉપાડે તે પ્રમાણે તેનું ભવિષ્ય થશે, તેમ માનવામાં આવે છે.

**૫. ઉપનયન :**

આ સંસ્કાર દ્વારા બાળકને દ્વિજત્વ પ્રાપ્ત થાય છે. એટલે કે સંસ્કારો દ્વારા તે 'નવો જન્મ' મેળવે છે. તેને વિધિવત્ ગાયત્રીમંત્રનો ઉપદેશ દઈને યજ્ઞોપવીત જનોઈ આપવામાં આવે છે. એ પછી દરેક દ્વિજે નિત્ય સંધ્યા અને ગાયત્રી ઉપાસના

કરવાની હોય છે. ગાયત્રીમંત્ર હકીકતે સૂર્યસ્તુતિનો મંત્ર હોવાથી અને સૂર્યનું બીજું નામ 'સવિતા' હોવાથી આ મંત્ર સાવિત્રીમંત્ર તરીકે ઓળખાય છે અને જનોઈને 'સાવિત્રી સૂત્ર' પણ કહે છે.

આ સંસ્કાર પછી બાળકના વિદ્યાપ્રાપ્તિનાં દ્વાર ઊઘડે છે. તે માતાપિતાની છત્રછાયામાંથી ગુરુની છત્રછાયામાં જાય છે. વૈદિક આદર્શ મુજબ તેમાં શિક્ષક, પિતા અને માતા ત્રણેનો સમન્વિત આદર્શ છે. ગુરુ પણ મા-બાપની જેમ બટુકને હૂંફ, વિશ્વાસ અને સુરક્ષા આપે, જીવનનું ઘડતર કરે, તે હેતુ છે. ઉપ=પાસે, નયન=લઈ જવું. ગુરુ પાસે લઈ જવાનો પ્રારંભ આ સંસ્કાર દ્વારા થાય છે, જેને બ્રહ્મચર્યાશ્રમનો પ્રારંભ ગણવામાં આવ્યો છે.

**૧૦ – ૧૩. ચાર વેદ વ્રતો :**

પ્રાચીન ભારતમાં ચારે વેદના અધ્યયનને જ અભ્યાસ ગણવામાં આવતો. જે વેદ ન ભણે તે શૂદ્ર ગણાતો. પોતે જે શાખામાં જન્મ્યા હોય તે વેદ પ્રથમ ભણીને, અન્ય ત્રણ વેદોનો અભ્યાસ પણ અનિવાર્ય હતો. જેમાં શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જ્યોતિષ – આ વેદોનાં છ અંગોનો અભ્યાસ તથા પુરાણો, શસ્ત્રવિદ્યા, આયુર્વેદ, ગંધર્વવિદ્યા વગેરે શીખવાનાં રહેતાં.

પુત્રીને ઘરે રાખીને કુટુંબીજનો દ્વારા અભ્યાસ કરાવાતો.

આ સંસ્કાર અભ્યાસકાળ સુધી ગણાતો. આધુનિક સમય પ્રમાણે સ્નાતક કક્ષા સુધીનો સમય 'વેદવ્રત સંસ્કાર' ગણવો જોઈએ. જેમાં ભૌતિક વિદ્યા સાથે ધાર્મિક અધ્યયનનો સમાવેશ પણ હોવો જરૂરી છે.

**૧૪. કેશાન્ત અથવા ગોદાન સંસ્કાર :**

ગો એટલે કેશ. દાન એટલે મુંડન. યુવાવસ્થામાં પ્રવેશતાં પ્રથમ વખત દાઢી-મૂછ કઢાવવી તેને ગોદાન સંસ્કાર કહે છે.

આ સંસ્કાર એ યુવાવસ્થાના પ્રવેશની ચેતવણી છે. જવાબદારીનો ભાર વધી રહ્યો છે તેની આગાહી છે. અભ્યાસકાળ સમાપ્ત થઈ રહ્યો છે, માટે બાકી રહેલો અભ્યાસ

ઝડપથી પૂરો કરવાની પ્રેરણા છે.

આ સંસ્કાર બાદ જ ગુરુ પાસેથી વિદ્યાર્થી ઘરની જવાબદારી ઉપાડવા પોતાના ઘરે પાછો આવે છે.

**૧૫. સમાવર્તન :**

અભ્યાસ પછીનો આ સંસ્કાર એ ગૃહસ્થાશ્રમના પ્રવેશનું દ્વાર છે. બ્રહ્મચર્યવ્રત પાળ્યા બાદ ઘરે જતાં પહેલાં ગુરુને યોગ્ય દક્ષિણા આપવામાં આવે છે. ગુરુ પાસે પવિત્ર ગૃહસ્થ જીવનની પ્રતિજ્ઞા વિધિપૂર્વક ગ્રહણ કરવામાં આવે છે. પ્રાચીન ગુરુઓ આ દિવસે જે દીક્ષાંત પ્રવચન આપતા, તે ઉપનિષદનું मातृदेवो भव । पितृदेवो भव । आचार्यदेवो भव । अतिथिदेवो भव । વગેરે પ્રવચન આજે પણ ભારતીય જ નહિ, વિશ્વ-સાહિત્યમાં અમર અંશરૂપે વિદ્યમાન છે.

**૧૬. વિવાહ :**

સ્થિર અને આદર્શ સમાજના નિર્માણ માટે વિવાહ એ દરેક સંસ્કૃતિએ અનિવાર્ય ગણેલો સંસ્કાર છે.

વિવાહબંધન વિનાના સમાજમાં અનાચાર, શિથિલતા અને અંધાધૂંધી વ્યાપી રહે છે. વ્યક્તિ અને સમાજ પોતાની નૈતિક મર્યાદામાં રહીને પરસ્પર વૃદ્ધિ અને પ્રગતિ સાધી શકે, છતાં બંનેમાંથી કોઈના હિતને કે સ્વતંત્રતાને હાનિ ન પહોંચે તેની મર્યાદા આ સંસ્કાર દ્વારા આંકવામાં આવે છે. આ સંસ્કાર સંસ્કૃતિ અને ધર્મનો પોષક છે. મર્યાદા અને સંયમનો રક્ષક છે. એટલે જ કહેવાયું છે : 'વિવાહ એ ૧૦૦ વર્ષનો સંબંધ છે અર્થાત્ આજીવન સંબંધ છે ગૃહસ્થાશ્રય પણ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચાર પુરુષાર્થ માટે છે.' તેથી માણસ કહે છે : 'ધન્ય ગૃહસ્થાશ્રમઃ'.

**સૌજન્યસ્વીકાર**

**–'ષોડશ સંસ્કાર સમુચ્ચયમ્'**

**(પ્રકાશન : મહર્ષિ વેદ વિજ્ઞાન અકાદમી)**

# ॥ પૂજ્ય શ્રી'મા'નો યજ્ઞોપવીત મહાયજ્ઞ ॥

**('જે પર્વ આલ્બમ કે વીડિયોમાં સ્થગિત રહી જાત, તે શાશ્વતીથી મઢાઈ ગયું.')**

ફરી એકવાર સ્વર્ગારોહણ શક્તિપીઠના તીર્થમાં યજ્ઞોપવીત સંસ્કારના મહાયજ્ઞનું આયોજન પૂજ્ય શ્રી'મા'એ કર્યું. ૯ માતાપિતાની પ્રાર્થનાના ફળ સ્વરૂપે, ૯ બડભાગી આત્માઓના પુણ્યોદય સ્વરૂપે, પૂજ્ય'મા'ની અહૈતુકી અનવરત વરસતી મુશળધાર કૃપાના એક અનેરા અવસર સ્વરૂપે આ મહાયજ્ઞ અવનવો, અતિ વિરલ, પવિત્ર અને પ્રેરણાદાયક રહ્યો.

'સમૂહ જનોઈ', સમાજમાં ક્યાંય પણ આ સંભળાય કે વંચાય, એટલે તરત જ કોઈ સંસ્થા અનેક બાળકો ભેગા કરીને સાદાઈથી વિધિપૂર્વક સંસ્કાર સંપન્ન કરી, પરિવારને હળવાશ ધરે, એવું એક ચિત્ર ઊભું થાય. અથવા કોઈ સમાજના અગ્રગણ્ય સભ્યો, સમાજસુધારક વિચારોની આગેવાની, નિરર્થક લેવડ-દેવડ વ્યવહારોની સામે ઝુંબેશ ઉઠાવવા આવા સામૂહિક સંસ્કાર યોજતા હોય છે. પણ અહીં યજ્ઞોપવીત લેનાર બાળકોના પરિવારોને આર્થિક કે સામાજિક હળવાશની જરૂર ન હતી.

સ્વર્ગારોહણમાં આવા અને અન્ય બીજા કોઈ પણ કારણ લાગુ પડતા નથી. સ્વર્ગારોહણમાં સર્વ પ્રવૃત્તિઓનું એક જ પ્રયોજન, એક જ જીવન-પ્રાણ, એક જ જીવાદોરી, પ્રેરણાબળ, પીઠબળ હોય છે : માત્ર ને માત્ર પૂજ્ય શ્રી 'મા' સર્વેશ્વરીનું વાત્સલ્ય, એમનો પ્રેમ, એમની જીવ માત્ર પરની કરુણા, જીવના ઉત્થાન માટેની મથામણ, એમની માવજત, એમના કાંઠા વગર, કિનારા વગર ધસમસતા પ્રેમપ્રવાહનાં વહેણનો

એક વળાંક, અહૈતુકી કૃપા વરસાવવાને એક નામ, એક બહાનું ફેબ્રુઆરીની ૧૫ અને ૧૬ તારીખે આવો જ એક પ્રેમનો મહોત્સવ, પ્રેમનો મહારાસ સ્વર્ગારોહણ શક્તિપીઠના તીર્થમાં રમાયો. આ મહાયજ્ઞ, મહારાસ, મહા મહોત્સવ એટલે પૂજ્ય 'મા'ના વહાલના સમુદ્રમાં ડૂબકી મારવા માટે પૂજ્ય 'મા' એ આપેલી પ્રેમકંકોત્રી, પ્રેમ-આમંત્રણ. એમના પવિત્ર પ્રેમ, કરુણા અને કૃપાના 'ત્રિવેણી કુંભ'માં શાહી સ્નાન હતું.

પૂજ્ય 'મા'એ તારીખ પાકી થાય તે પહેલેથી જ ઉત્સાહભેર તૈયારીઓ શરૂ કરી દીધી. બાળકોને, તેમના માતા-પિતાને, પરિવારના અન્ય મહેમાનો ને શું ભેટ આપીશું ? એની યાદી લખવાથી માંડીને ડીઝાઈન પસંદ કરવી, એના ઓર્ડર આપવા, સર્વ કાર્યોમાં પૂજ્ય 'મા' સતત અને ઝીણવટપૂર્ણ કાર્યરત. પરિવારોને સૂચનો પાઠવવા, પુરોહિત મહારાજ સાથે વિધિની વિચારણા, આવનાર સૌ માટે મહા-રાજભોગની વ્યવસ્થા..કોઈ એક એવું કાર્ય ન હતું જેમાં પૂજ્ય 'મા'નું ૧૦૦% નહિ પણ ૨૦૦% યોગદાન ન હતું.

પ્રસંગ ૧૬ ફેબ્રુઆરીના રોજ હતો, હું ૧૩ જાન્યુઆરીએ સ્વર્ગારોહણ પહોંચી ત્યાં સુધી તો પૂજ્ય 'મા' એ બાળકોને આપવાની ભેટ વસ્તુઓથી '૯' નંબરનો રૂમ ભરી દીધો હતો. બાળકોને પહેરાવાના કેન્ડીના હાર પણ તૈયાર કરી દીધા હતા !

યજ્ઞોપવીત સંસ્કાર જેમના થવાના, તે બાળકોને એની આંખે આખી મહત્તા ભાગ્યે જ સમજાતી હશે. જે દંપતીએ એ બાળકોનાં માતા-પિતા છે, એમનો સૌનો તો પૂજ્ય 'મા'એ એક મોટો ભાર ઉતારી દીધો. કહો કે એમનો ભાર પૂજ્ય 'મા' એ સ્વયં ઉપાડી લીધો. આર્થિક રીતે ભલે પોસાય, પરંતુ આખા

પ્રસંગની સર્વ તૈયારી તો કરવી જ રહી. ને તેમ છતાં એ દંપતીઓને પૂજ્ય ‘મા’ એ આ મહાયજ્ઞમાં સમિધસમ અર્પેલા સ્વયંનો, આ યજ્ઞમાં અર્પેલા પૂજ્ય ‘મા’ના કીમતી સમયનો, પૂજ્ય ‘મા’ની મહેનત, જહેમતનો પૂરે પૂરો અંદાજ નહિ આવી શકે. હું લખી શકું છું કારણ ૧૨ વર્ષ પહેલાં હું એ જ સ્થિતિમાં હતી, મને કલ્પના પણ નથી પૂજ્ય ‘મા’એ જે તૈયારી કરી હતી એ વખતના બટુકો માટે. પ્રસંગે હાજરી આપનારા મહેમાનોમાંથી ઘણાં માટે તો પૂજ્ય ‘મા’નાં આ પ્રથમ દર્શન કે પ્રથમ પરિચય હતો. ઘણા મહેમાનો તો પૂજ્ય ‘મા’ના મહિમાથી છેક અજાણ એવા પણ હતા.

ને છતાંય પૂજ્ય ‘મા’એ આ પ્રસંગની તૈયારી ઉત્સાહ, શક્તિ, સ્ફૂર્તિસભર કરી. નિસ્વાર્થ પ્રેમનો ધોધ સમદ્રષ્ટિથી સૌ પર વહાવ્યો-બાળકો, માતાપિતા, જાણીતા-અજાણ્યા મહેમાન-સૌ પર. ને વળી આ Universal Mother માટે કોણ અજાણ કે નવું છે ? બાળક માટે માતા રોજ ભોજન મિષ્ટાન્ન બનાવે, તેમાં માતાને કેટલો સમય, કેટલી મહેનત પડતી હોય છે એનો અંદાજ નથી બાળકને હોતો, ને નથી માતાને એનો તલમાત્ર ભાર. પૂજ્ય ‘મા’નાં આ વાત્સલ્ય સ્વરૂપને પ્રણામ હો.

પૂજ્ય ‘મા’નું ઝીણવટભર્યું આયોજન પ્રસંગના પ્રત્યેક પાસામાં વર્તાતું હતું. પૂજન, ભોજન, સત્કર્મ, ગરબા, શોભાયાત્રા..

પૂજાવિધિમાં બાળકોનું લક્ષ્ય રહી શકે, એ લોકોને પૂરતો આરામ, રમવાનો સમય મળે તે પ્રમાણે પૂજ્ય ‘મા’એ વિધિને બે દિવસમાં વહેંચી દીધી હતી. પ્રથમ દિવસે :

૧. ગુરુપૂજન, ૨. ગણપતિ પૂજન, ૩. મંડપ પૂજન, ૪.

પીઠી, ૫. ગ્રહશાંતિ, ને રાત્રિમાં ગરબા.

અને બીજે દિવસે :

૬. અનાદિષ્ટ પ્રાયશ્ચિત હોમ, ૭. જાતકર્મ સંસ્કાર, ૮. નામકરણ સંસ્કાર, ૯. નિષ્ક્રમણ સંસ્કાર, ૧૦. અન્નપ્રાશન સંસ્કાર, ૧૧. આજીવિક પરીક્ષા, ૧૨. ચૌલ સંસ્કાર, ૧૩. સમૂહભોજન, ૧૪. ઉપનયન સંસ્કાર, ૧૫. વેદારંભ સંસ્કાર, ૧૬. બળવો, અને ૧૭. બટુક યાત્રા.

પૂજ્ય 'મા' પાસે થતા કોઈપણ શાસ્ત્રોક્ત પૂજનવિધિની વિશેષતા એ હોય છે કે તે પૂજનવિધિની પૂરેપૂરી સમજ, એની ઉપયોગિતા, એનો મહિમા, ફલશ્રુતિ સર્વ કંઈ સુવ્યવસ્થિત સમજાવીને કરાવવામાં આવે છે. પૂજનવિધિ કોઈ રૂઢિ નથી, બ્રાહ્મણો સંસ્કૃતમાં શ્લોકો બોલી જાય અને આપણે "પાણી ચઢાવો, ફૂલ ચઢાવો, આરતી કરો" એટલું જ સમજીએ. એવી ભાવહીન પૂજા પૂજ્ય 'મા' કરતા કે કરાવતાં નથી. પૂજનથી માનવના જીવનનું પરિવર્તન થઈ શકે એવી Powerful Puja પૂજ્ય 'મા' કરાવે છે. પૂજ્ય 'મા' એ પસંદ કરેલ પુરોહિત શ્રીસ્નેહલભાઈ, તેમજ શ્રીપંડિતજી સ્વયં કહે છે કે 'મા' એ જ અમને TRAIN કરેલા છે, તૈયાર કર્યા છે. એટલે એ લોકો વિગતવાર સમજાવતા, દ્રષ્ટાંત આપતા, આધુનિક જીવનમાં એ પ્રાચીન શ્લોકોની મહત્તા, Application શિખવાડતાં શિખવાડતાં, 'મા'-પ્રભુના પ્રસંગોચિત ભાવવાહી પદ ગવડાવતાં ગવડાવતાં શ્રેષ્ઠ પૂજન કરાવે છે.

૯ બાળકોમાંથી, ૨ બાળક એવા છે કે જેમના ૧/૨ પરિવાર ગુજરાતી સિવાયની માતૃભાષા બોલે છે. એમના ૧/૨ પરિવારની માતૃભાષા મરાઠી છે તો પૂજ્ય 'મા' શ્રી સ્નેહલભાઈ

પાસે પૂજન હિન્દીમાં કરાવે છે. યજ્ઞોપવીત મહિમા અને મહત્ત્વ આ સઘળું પૂજ્ય 'મા' મરાઠીમાં ભાષાંતર કરાવે છે. જેથી સૌને સરખો ન્યાય મળે, ને બાળકોને પણ સમજાય.

લાંબી પૂજનવિધિ દરમ્યાન જ્યાં પૂજનને મહત્તા મળતી રહી, ત્યાં પૂજ્ય 'મા'નું અચૂક લક્ષ્ય બાળકો અને મહેમાનોની ભૂખ, તરસ પર પણ રહેતું. બટુકોને સમય સમય પર પ્રસાદ પહોંચાડતાં 'મા' તેમને પ્રસાદ આરોગી લેવાનો વહાલભર્યો ઈશારો પણ કરતા એટલે બટુકોની શક્તિ સ્ફૂર્તિ બની રહે.

યજ્ઞોપવીત સંસ્કારના મહત્ત્વના સર્વ તબક્કે બટુકો પૂજ્ય 'મા' પાસે આવી પ્રસાદ, ભિક્ષા પામતા. ને જ્યારે ૯ બટુકો હરોળબંધ પૂજ્ય 'મા' પાસે આવે, ત્યારે પૂજ્ય 'મા' એટલા પ્રેમથી એમની સાથે વ્યવહાર કરે, એમને હસાવે, રમાડે, જાણે આગળ હવે બીજી કોઈ વિધિ જ નથી. બસ 'મા' અને તેનું એક જ બાળ. એ વાત્સલ્યમૂર્તિ 'મા'ના સ્વરૂપનાં દર્શન અણમોલ હતાં.

બે દિવસની પૂજનવિધિમાં પૂજ્ય 'મા'ની સંપૂર્ણ હાજરી. સંસ્કાર એમના દિવ્ય સાન્નિધ્યમાં જ સંપન્ન થયા. દ્વિજ બનાવવાનો અને એ બાળકોનો સ્વીકાર કરવાનો પૂજ્ય 'મા'ને જાણે સર્વાધિક ઉત્સાહ છે, હોંશ છે. પ્રસંગમાં જેના ઘરે પ્રસંગ હોય એ યજમાન અને એ જેને જેને આમંત્રે એ મહેમાન હોય છે. પણ અહીં માત્ર પૂજ્ય 'મા' જ એક યજમાન, અન્ય સૌ કોઈ મહેમાન. બટુકના પરિવારો પણ મહેમાન. આમ પૂજન, યજ્ઞ ચાલુ હતા ત્યારે પૂજ્ય 'મા' સ્ટેજ પરથી તો એમની દિવ્ય સંનિધિ આપતાં જ રહ્યાં પણ તે ઉપરાંત એક આદર્શ યજમાન બનીને પૂજ્ય 'મા'એ પ્રત્યેક મહેમાન સ્વજનને વ્યક્તિગત આવકાર ધર્યો, સૌને વારાફરતી સ્ટેજ પર આમંત્ર્યા, એમનો પરિચય પામ્યા, મીઠા બે શબ્દ કહ્યા,

આશીર્વાદની વર્ષા વરસાવી. એક આદર્શ યજમાનનો વ્યવહાર દર્શાવી એક આદર્શ યજમાનનાં દર્શન કરાવ્યા. પ્રેમથી, શાંતિથી, ધીરજથી ૫૦૦ થી પણ વધારે મહેમાનોને સ્મિત સાથે આવકાર્યા, વાતો કરી. "અતિથિ દેવો ભવ", આ વચનની યાદ અપાવતા આપણા દિવ્ય યજમાન-પૂજ્ય 'મા', સર્વને આવકારી, વાતો કરી. "અતિથિ દેવો ભવ", આ વચનની યાદ અપાવતાં આપણા - પૂજ્ય 'મા', સર્વ અતિથિઓને મુલાકાત આપતા ઊભાં જ રહ્યાં. આસન ગ્રહણ ના કર્યું. પોતાની દિવ્યતા, મહાનતાને એક બાજુ મૂકી, નમ્રતા અને પ્રેમથી સૌને ઊભા રહી સન્માન્યા, નવાજ્યા. આમ આ મહાયજ્ઞમાં પણ પૂજ્ય 'મા' સ્વયં સમિધ બન્યા ને પ્રેમયજ્ઞમાં અસ્તિત્વને હોમી દીધું.

૨-૩ દિવસના કાર્યક્રમમાં પૂજ્ય 'મા'નું સતત સાંનિધ્ય અને દર્શન મળતાં રહ્યાં. પ્રસંગોચિત પૂજ્ય 'મા' અનેક વાર તેમના ખંડમાં પધારે, ને ફરી વારે વારે નીચે મંચ પર પધારે. મંચ પર સૌને આવકારતા. પ્રેમથી મળતાં. પૂજ્ય 'મા' આસન ત્યાગી ઊભાં ઊભાં, ઝૂકી ઝૂકીને સતત પ્રસાદ, ભેટ ધરતાં રહે. પૂજ્ય 'મા'નું શ્રીતનુ સતત કાર્યરત, પૂજ્ય 'મા' તેમના ખંડમાં પધારે ત્યાં પ્રણામ, માળા, નિત્ય પ્રાર્થના, ઓરાગ્યયાત્રા, વળી હવે પછીની બેઠકની તૈયારી. ત્યારે કઈ ભેટ આપવાની તેનાં સૂચનો, કાર્યક્રમ નિમિત્તે સૂચનો માટે ફોન અથવા વ્યક્તિગત મુલાકાત, આટલી બધી વ્યસ્તતા વચ્ચે ત્રણ દિવસમાં પૂજ્ય 'મા'એ સ્વયંના ખોરાકનો પળમાત્ર વિચાર નથી કર્યો. મહેમાનોને છપ્પન ભોગ જમાડનાર આ નિર્જલવ્રતી યજમાનને પાણીનો એક ઘૂંટ પીવાનું યાદ પણ નહતું આવતું. ઊંઘ ને આરામની તો પછી એમના ઓરડે ફરકવાની ક્યાં વિસાત જ છે !

પૂજ્ય 'મા' બાળકોને આવતા તબક્કે પહેરાવવાનાં વસ્ત્રો પણ આપતાં રહ્યાં. છેવટે યજ્ઞોપવિત સંસ્કાર સંપન્ન થયા બાદ, બડવો દોડાવ્યા બાદ પૂજ્ય 'મા'એ બટુકોને પહેરાવવાનાં વસ્ત્રો-શેરવાની ને સાફા પણ આશીર્વાદમાં આપ્યાં.

ને ત્યારબાદ રાજકુમારો જેવા દેખાતા, શેરવાનીમાં સજ્જ બટુકોને પૂજ્ય 'મા'એ વિધિસર સ્ટેજ પર બેસાડીને એટલી બધી ભેટ આપી કે ગણી ગણાય નહિ. સવારે બાળક ઊઠે ત્યારથી જે પહેલી વસ્તુ અડે જેમ કે બ્રશ, ઊલથી માંડીને દિવસ દરમ્યાનની રોજિંદી સઘળી જરૂરની વસ્તુઓ જેમકે પેન, નોટબુક, કેલ્ક્યુલેટર, વાંચવાનાં પુસ્તકો રાત્રે સૂતાં જરૂર પડે તેવી ચાદર. આ સઘળું પૂજ્ય 'મા'એ બટુકોને આપ્યું. ઉપનયન સંસ્કાર પછી બટુક દ્વિજ બને. દ્વિજ એટલે ગુરુએ સ્વીકારીને આપેલો નવો જનમ. તો આ નવા જનમમાં જે ગુરુએ એમનો સ્વીકાર કર્યો છે, તે જ સમર્થ ગુરુએ એમના જીવનની પ્રત્યેક ક્ષણ એમના આશીર્વાદથી, એમની યાદથી મઢી દીધી.

વિશ્વની સઘળી સુંદરતા જેના ઐશ્વર્યનો અંશમાત્ર છે, તેમના સ્વીકારેલા બટુકોની પછી ભવ્ય શોભાયાત્રા નીકળી. આમ ૯ બટુકોને, તેમના કુળને, અન્ય સત્સંગી શ્રોતાજનોને પૂજ્ય 'મા'એ દ્વિજ બનાવી સ્વીકાર્યા જ છે.

અલગ અલગ લોકોને ભેટ લાવવાનું કાર્ય સોંપાયેલું, પરંતુ પૂજ્ય 'મા'એ સર્વ વસ્તુઓની કિંમત સ્વયં ચૂકવી. ઘણા સત્સંગી ભાઈબહેનોએ વિવિધ પ્રકારની સેવા અર્પણ કરવાની પ્રાર્થના કરી, શ્રી લક્ષ્મીજીની સેવા, કોઈ ભેટ વસ્તુ લાવીને અર્પણ કરવાની સેવા. પરંતુ પૂજ્ય 'મા' એ કોઈની સેવા કે મદદ સ્વીકાર્યા નથી. જેને સત્યનું જ્ઞાન થઈ ગયું છે, જે પરમાત્મા સાથે એકરૂપ થઈ ગયા છે, માત્ર તેવા અલગારી, ઈશ્વર

મસ્તીમાં મસ્ત સૂફી મહાપુરુષ જ આ રીતે ભૌતિક સમૃદ્ધિ અન્ય માટે વાપરી કે ખર્ચી શકે.

પૂજ્ય 'મા'નાં યજ્ઞોપવીત પર્વમાં દર્શન એટલે પ્રેમના વિરાટ સ્વરૂપનાં દર્શન. પૂજ્ય 'મા'એ સમસ્ત પર્વનું સંચાલન કર્યું પરંતુ પૂજ્ય 'મા'નાં મુખ પર કોઈ ભાર નહિ, કોઈ તસ્દી લીધી હોય એવો તનાવ નહિ, સહજ પ્રસન્ન, સુસ્મિતા મા. બાળકો સ્ટેજ પર ભિક્ષા માગવા આવે કે મુંડન કરાવ્યા બાદ પૂજ્ય 'મા' પાસે ચંદનનો લેપ લગાડાવવા આવે. પૂજ્ય 'મા' શાંતિથી, પ્રેમથી દરેક બટુકને પૂરતો સમય આપી, એની સાથે કોઈપણ ઉતાવળ કર્યા વગર હેતભર્યો વ્યવહાર કરી, શાંતિથી એને પ્રસાદ આપે અથવા ચંદનનો લેપ એના મસ્તકે લગાવે. એક 'મા' સઘળું કામ પડતું મૂકીને પોતાના બાળકને લાડ લડાવે. તે જ રીતે આખા પ્રસંગના સંચાલનનો ભાર એક બાજુ મૂકીને પૂજ્ય 'મા' પેલા નવે નવ બટુકોને લાડ લડાવે.

કોઈ ઘટના, પ્રવૃત્તિ કે ક્રિયા જ્યારે પૂજ્ય 'મા' હાથમાં લે, ત્યારે તેનો મહોત્સવ બની જાય છે. એ રીતે આ ૯ બ્રાહ્મણ બાળકોના જીવનના યજ્ઞોપવીત સંસ્કાર જો ઘેર એમના માતાપિતા એ આયોજ્યો હોત તો એ એક એમના જીવનનું આલ્બમ કે વીડિયો બની ખાનામાં રહી ગયું હોત. પણ પૂજ્ય 'મા'ના સાન્નિધ્યમાં આ મહોત્સવ એમના જીવન માટે ચિરકાળ પર્યન્તનો શાશ્વત બની રહ્યો.

Thank you 'મા'. આ સર્વે બટુકોને અને આપનાં સૌ બાળકોને આપ જ યજ્ઞોપવીતની જેમ વીંટળાઈ અમારું સનાતન રક્ષાકવચ બની રહેજો. અમારી ચોટલી તમારા હાથમાં રાખજો ને અમને તમારાં ચરણોમાં જ રાખજો.

—ડૉ. અર્પિતા જોશી

# ॥ દેવત્વનું રાજવી ઐશ્વર્ય ॥

**(‘જનોઈ એટલે જગતજનનીની નોખી ઈશ્વરીય દીક્ષા.’)**

ફૂલોમાં જે સ્થાન સુગંધનું છે
ફળોમાં જે સ્થાન મીઠાશનું છે
ભોજનમાં જે સ્થાન સ્વાદનું છે
એવું જ સ્થાન જીવનમાં સદાચારનું છે.

**–યોગેશ્વરજી**

આ સુગંધિત સામ્રાજ્ય એટલે આપણું સ્વર્ગારોહણ અને આ સદાચાર, સત્કર્મો અને સદ્‌ભાવનારૂપી સુવાસને સદાકાળ મઘમઘતી જે રાખે છે તે છે આપણાં પૂ.શ્રી‘મા’.

ભૌગોલિક દૃષ્ટિએ કાશ્મીર ભલે પૃથ્વી પરનું સ્વર્ગ કહેવાતું હોય પણ આધ્યાત્મિક જગતનું સ્વર્ગ જો આ પૃથ્વી પર હોય તો તે છે ‘સ્વર્ગારોહણ’.

અહીં તા.૧૬ મી ફેબ્રુઆરીએ નવ બાળદેવતાઓ સોળ સંસ્કારોમાં શ્રેષ્ઠ એવા યજ્ઞોપવીત સંસ્કાર પામ્યા. બાળદેવતાઓની નિર્દોષતા, કિલ્લોલ અને થનગનાટને પૂ.‘મા’ના પવિત્ર, દિવ્ય અને રાજવી પ્રેમે વાચા આપી હોય તેવી આ જનોઈ એટલે –

જ – જગતજનનીની

નો – નોખી

ઈ – ઈશ્વરીય દીક્ષા – સ્વર્ગારોહણના આંગણે મંગલ પર્વ બનીને ઉજવાઈ, જ્યાં પૂ.‘મા’ના દેવત્વ અને રાજત્વનો સુભગ સમન્વય જોવાનો પ્રત્યક્ષ લહાવો મળ્યો.

‘દેવત્વ’ એટલે કે અહીં પૂ.શ્રી‘મા’ની પ્રત્યક્ષ સંનિધિ દર્શન, અતુલનીય પ્રસન્નતા સાથે મોહક, મુક્ત અને મનનીય

હાસ્ય અને પૂ.શ્રી પ્રભુની અમાપ શક્તિનાં દર્શન પામ્યાં.

'રાજત્વ' એટલે કે પૂ.શ્રી'મા'ના રાજવી દરબારનો ઠાઠ સૌની આંખોમાં નજરકેદ બનીને રહી જાય તેવો ચિરસ્મરણીય અવસર બની રહ્યો. બાળદેવતાઓના પહેરવેશ, પ્રસાદ, શાહીભોજન, વિધિ-વિધાન, સંસ્કાર રાજકુમારોની નગરયાત્રા અને આ સર્વની સાથે પૂ.'મા'ના પરમાશિષની હેલીની તુલના કરવી તો શક્ય જ નથી. એ તો જે આ રાજદરબારનો હિસ્સો બન્યા હોય તે જ અનુભવે. આવનાર, જોનાર ને પામનાર સૌ કોઈ ધન્ય બની ગયાં.

આજ સુધી શામળિયા શેઠની હુંડી, કુંવરબાઈનું મામેરું..બધું સાંભળ્યું છે પણ ઈશ્વર સાક્ષાત્ બનીને આવાં કાર્યો કરી શકે છે તેના સાક્ષી બનવાનો અવસર મળ્યો. આ સમગ્ર "રાજવી યજ્ઞોપવીત"ના પ્રસંગનો જે આર્થિક ભાર "પ્રભુ દરબારે"થી જ આવ્યો છે અને પૂ.શ્રી'મા'ને એનું સન્માનિત ગૌરવ છે – કેમકે આપણે કેવા સમર્થના શ્રીચરણે બેઠા છીએ એની પ્રતીતિ થાય.

**ૐ શ્રી મહાલક્ષ્મીસ્વરૂપાય 'મા' સર્વેશ્વર્યૈ નમઃ**

પૂ.શ્રી'મા'ના ઐશ્વર્યનાં, પવિત્ર પ્રેમનાં, દિવ્યતાનાં મંગલતાનાં, અપરિગ્રહતાનાં...અરે ! આવા તો કદી ના વિસરાય તેવાં દર્શન પામીને નત મસ્તકે ઝૂકી જવા સિવાય આપણા જેવા જીવો બીજું તો શું કરી શકે ? લેતાં થાકી જાવ, જોતાં થાકી જાવ પણ આ 'મા'રૂપી કલ્પવૃક્ષને વિરામ ક્યાં છે ?

નિર્જળાવ્રત સાથે આખા દિવસની કેટલા બધા કલાકોની પૂ.'મા' એ સંનિધિ ધરી ! આંગણે પધારેલા સૌ સ્વજનો પણ પૂ.'મા'નો પ્રેમપૂર્વક આદરસત્કાર ને પ્રસાદ પામ્યા. આ પ્રસંગને 'મા'એ પરમાનંદમાં પલટાવી દીધો. પરમપ્રદેશના પાવનકારી દેવી-દેવતાઓની સૂક્ષ્મ હાજરી જાણે કે સુગંધ બનીને પ્રસરી રહી હતી.

સતત વહેવું, વહેંચવું અને વરદાયી થવું એ તો પૂ.શ્રી'મા'નો આંતરિક વહીવટ છે, કેમકે એ જગકલ્યાણી છે,

વરદાયિની છે, મહાદેવી છે. આ બાળદેવતાઓ એમની આ નિર્દોષ અવસ્થામાં શું પામ્યા એ કદાચ ના સમજાયું હોય તો પણ એ પૂ.શ્રી'મા'ના પ્રેમને વશ તો જરૂર થયા જ છે.

સમજ સાથે સંસ્કાર, ગુજરાતી ભાષા ના જાણતા હોય તેવા સ્વજનોને સમજાય તેવી ભાષામાં અનુવાદ, પુસ્તકો જેટલાં જોઈતા હોય તેટલા પ્રસાદમાં અપાય..આવું ક્યાંય જોયું કે સાંભળ્યું છે ? અને આ બધાની સાથે સ્વર્ગારોહણના જે નિત્ય નિયમો છે તે પણ અહીં સામેલ છે જ. આરોગ્યયાત્રામાં પૂ.શ્રી'મા' કહે છે કે – "પ્રભુને પકડવા દોડો."

સમગ્ર દોડ પ્રભુ તરફની જ રાખો – એવું આ વિધાન શાસ્ત્રવિધાનથી અધિક નથી શું ? વળી, પૂ.'મા' કહે છે કે – "આવતા વર્ષે આ જ દિવસે બધા અહીં આવજો – અમે તમારી રાહ જોઈશું – અહીં જ મળીશું."

—જાણે કે જો આપણી દોડ ઈશ્વર તરફની હશે તો જીવને આવકારવા 'મા'-પ્રભુ ઊભા જ છે. રાહ જોઈ જ રહ્યા છે. આપણા પગલાં મંડાય તેની જ ફક્ત વાર છે. ઈશ્વર કદી જીવને ભૂલતો જ નથી. આમ આપણી આધ્યાત્મિક પ્રગતિ પણ પૂ.'મા' સતત ઈચ્છે જ છે એટલે જ તો 'મા'એ આગલી રાત્રે કહેલું કે —'આખી રાત પ્રભુ અહીં ઊભા જ છે,' પાસે બેસીને જપી લો—તપી લો.

આ જપ-તપ જ આપણા સંતાપ હરશે ને ?

આ વાત્સલ્યનો જે પુંજ પ્રગટ્યો છે એ 'મા'નો પ્રેમ તો મહાકુંભના શાહીસ્નાન કરવાથીય પવિત્ર, પરમાનંદ ધરનાર અને આ ભવાટવીથી પાર કરનાર છે.

આ વિશિષ્ટ અને વૈવિધ્યસભર યજ્ઞોપવીતની અમીટ છાપ પૂ.શ્રી'મા'ના શ્રીઅંકે પામનાર, આવનાર અને સાંભળનાર સહુના મન પર અંકિત થઈ ગઈ.

—શ્રી નિશા પંડ્યા

# ॥ 'સ્વર્ગારોહણ'નો સંસ્કાર મહોત્સવ ॥

## ('આ આખાયે પર્વનો ભાર પ્રભુએ જ ઉપાડ્યો')

તા.૧૫ અને ૧૬/૨/૨૦૨૫ સ્વર્ગારોહણ ને આંગણે અનેરો ઉત્સવ..આમ તો સ્વર્ગારોહણમાં કોઈ પણ પર્વ હોય હંમેશાં દિવાળી જેવું જ લાગે. જાણે આ તીર્થ સહુને હંમેશાં આવકારવા આતુર થઈ ઊભું હોય અને સહુ સ્વજનોને જોઈ હર્ષ ઉલ્લાસથી શોભી ઊઠતું હોય તેવો અહેસાસ થયા વગર રહે જ નહિ. પૂજ્યશ્રી પ્રભુના ચરણની એ રજના અણુ અણુમાં સાત્ત્વિકતા અને આધ્યાત્મિકતાના પોકારો સતત સંભળાયા કરે અને પૂજ્યશ્રી'મા'ની વિશેષ ઉપસ્થિતિ આ તીર્થના દરેક કણ કણને જીવંત બનાવે એવું પણ લાગ્યા જ કરે. પૂજ્ય 'મા' પ્રભુનાં સ્પંદનોથી શોભી રહેલું આ તીર્થ આ બે દિવસમાં એક વિશેષ પર્વની ઉજવણી માટે જાણે અલગ ભાસે છે, શોભી રહ્યું છે.

આ બંને દિવસો તા.૧૫ અને ૧૬ આપણાં શાસ્ત્રોમાં કહ્યા મુજબ ૧૬ સંસ્કારોમાંના એક સંસ્કાર એવા યજ્ઞોપવીત સંસ્કારની ઉજવણીનું સાક્ષી બનવા જઈ રહ્યા છે. આ લગભગ આઠમું યજ્ઞોપવીત પર્વ સ્વર્ગારોહણના આંગણે ઉજવાઈ રહ્યું છે. આ વખતે ૯ બટુકો આ સદ્ભાગ્ય પામ્યા છે અને તેઓ પૂજ્ય શ્રી'મા'ની નિશ્રામાં પૂજ્ય'મા'નાં શ્રીઅંકે રહીને આ યજ્ઞોપવીત પામવાનાં છે. ખરેખર નસીબદાર આ આપણાં જ નાનાં વહાલા બટુકો. ૧૫ તારીખની શરૂઆત પ્રાતઃ વંદના અને ધ્યાનથી તો થઈ પણ પછી તો જાણે બધું જ આ બટુકોને કેન્દ્રસ્થ રહી આ પર્વ ઉજવાઈ રહ્યું હતું એવું લાગતું હતું. આ પર્વમાં દરેક બટુક પરિવારના સભ્યો તેમજ સ્વર્ગારોહણનાં મહેમાન સ્વજનો પણ

આવનાર હતા. અને આ વિશાળ કાર્યને પાર પાડવા લગભગ ૬૦ જેટલા સ્વયંસેવક ભાઈઓબહેનો આપણા જ સત્સંગી સ્વજનો સૌથી પહેલાં આવી ગયેલાં.

ઘરમાં એક નાનકડો પ્રસંગ હોય તો પણ જાણે આપણે એક ઘડી શાંતિથી બેસી ન શકીએ તો આ તો સ્વર્ગારોહણના આંગણે ૯ બાળકોની જનોઈ, પૂજ્ય 'મા'ના હૈયે આનંદ સાથે તૈયારીની સતત ચિંતા, લગભગ ૨ મહિનાથી પૂજ્ય 'મા' આ બાળકો માટે શું શું કરીશું આ પ્રસંગને અતિ ઉત્તમ કેવી રીતે બનાવી શકીએ તે માટે સતત પરિશ્રમ કર્યો હતો. સતત રાતોની રાતો જાગી આ પર્વને વિશેષ બનાવતી દરેક કડીઓ એક પછી એક જોડી હતી. આ દરેક બાળકોને શું ગમશે, તેમને શું આપવું જોઈએ, તેમને શું કામ લાગે તેઓ ખુશ કેવી રીતે થાય વગેરે જેવી નાનામાં નાની બાબતોનું પણ ધ્યાન પૂજ્ય શ્રી'મા' દ્વારા રાખવામાં આવ્યું હતું. દરેક બટુકો અને તેમનાં માતાપિતાનાં વસ્ત્રોથી લઈને દરેક પૂજાની સામગ્રી, વિધિ માટે વિવિધ આયોજનો વગેરે પૂજ્ય 'મા' પોતાના યોગ્ય બાળકને સાથે રાખી સતત આયોજન કરી રહ્યાં હતા. શ્રી સ્નેહલભાઈ મુખ્ય આચાર્ય અને તેમની ૯ બ્રાહ્મણોની ટુકડી આ પ્રસંગે આવી પહોંચી હતી. સરસ મંડપ, દરેક બટુકોને માતાપિતા સાથે બેસવાની વ્યવસ્થા, પૂજાવિધિની સમગ્ર સામગ્રી બધું જ તૈયાર થઈ ગયું હતું, આજે ગુરુપૂજન, ગ્રહશાંતિ, ગણેશપૂજન અને પછી પીઠીનો કાર્યક્રમ હતો. રાત્રે ગરબા થવાના હતા. દરેકને રૂપરેખા પહેલેથી જ મળી હતી. ભોજન વ્યવસ્થા સ્વર્ગારોહણની સામે પાર્ટી પ્લૉટમાં કરવામાં આવી હતી. દરેક હાજર વ્યક્તિને સરસ તિરંગા રંગનો બિલ્લો અને સ્વયંસેવક મિત્રોને ગળા પર રાખી શકાય

તેવું કાર્ડ આપવામાં આવેલું હતું. લગભગ ૧ વાગ્યાનો સમય થયો દરેક ભોજનપ્રસાદ પામી સ્વર્ગારોહણના આંગણે એકત્ર થયા. ત્યાર બાદ સહુને અંબાજી મંદિરે દર્શન માટે પણ લઈ જવામાં આવ્યાં હતાં. આ બટુકોને તે પૂજ્ય શ્રી'મા'એ તિરંગા રંગના સાફા પહેરાવી જાણે રાજકુમારો જેવા બનાવી દીધા હતા.

સમય થયો એટલે પ્રથમ તો દરેક બટુકના પિતાએ પૂજ્ય શ્રી પ્રભુને લેવા માટે ઉપર પૂજ્ય 'મા' પાસે જવાનું હતું. રથી ભાઈ, રુચિતભાઈ અને સ્નેહલભાઈ સાથે બીજાં પણ સ્વજનો વાજતે ગાજતે પૂજ્ય 'મા' પાસે પહોંચ્યાં શંખનાદ શરૂ થયો અને પૂજ્ય શ્રીપ્રભુનું મોટા સ્વરૂપ સાથે સહુ આગળ વધ્યા. ધૂન અને ભજનની મસ્તી એવી સહુને લાગેલી કે સહુ મન મૂકીને આમાં જોડાયા. પૂજ્ય શ્રીપ્રભુના વિશાળ સ્વરૂપને પ્રથમ કુટિયા સુધી ને ત્યારબાદ એક પ્રદક્ષિણા કરીને મંડપ સુધી લાવવામાં આવ્યું હતા. સહુ ગરબાના તાલે આ કાર્યમાં જોડાયા. પૂજ્ય 'મા' દર્શનદ્વારેથી સહુના આ આનંદને માણી રહ્યા હતા. પ્રભુના સ્વરૂપને મંડપમાં પધરાવ્યા બાદ હવે પ્રભુના બાળસ્વરૂપને પાલખીમાં બેસાડી પાલખી યાત્રા માટે સહુ સજ્જ થયા. શ્રીરથીભાઈ પ્રભુના બાળસ્વરૂપને પૂજ્ય 'મા'નાં નિવાસ સ્થાનથી પોતાના સ્વહસ્તે લઈ ગાજતે વાજતે નીચે સુધી આવ્યા પૂજ્ય 'મા' અને સાથે આ ૯ બટુકો 'મા'ને વિંટળાઈ વળેલા હતા આ દ્રશ્ય ખરેખર અદ્‌ભુત લાગતું હતું. પૂજ્ય 'મા' પાલખીયાત્રામાં સાથે જોડાયાં. ઢોલીઓ પોતાનાં ઢોલના તાલે સહુને આનંદ કરાવી રહ્યા હતા.

પૂજ્ય 'મા'એ પોતાનું સ્થાન લીધું અને સહુને આવકાર

આપવાની તથા સ્વર્ગારોહણ, સર્વ મંગલ ચૅરિટૅબલ ટ્રસ્ટ અને પૂજ્ય 'મા'-પ્રભુ વિશે ટૂંકમાં પરિચય આપવાની જવાબદારી શ્રી રુચિતભાઈને સોંપવામાં આવી હતી. પૂજ્ય 'મા'ની આજ્ઞા સાથે વિધિવત આ પર્વની શરૂઆત આ રીતે થઈ. પૂજ્ય 'મા'એ પણ સહુને ઊભા થઈ પ્રણામ કરીને આવકાર્યા. અને આગળની જવાબદારી શ્રી સ્નેહલભાઈને સોંપી અને ગુરુપૂજનની શરૂઆત થઈ. કોઈના ઘરે ગુરુપૂજન હોય તો પણ આનંદ અનેરો હોય તો આજે તો સ્વર્ગારોહણના આંગણે ગુરુપૂજન હતું, ૯ બટુકો તેમના માતા-પિતા સાથે આ પૂજનમાં જોડાયા હતા. પૂજ્ય શ્રી 'મા'ની ઉપસ્થિતિ વાતાવરણ વધુ પાવન-પવિત્ર બનાવી રહી હતી. સહુ શાંતિથી પોતાનું સ્થાન લઈ પ્રભુના પૂજનમાં જોડાયા હતાં. આ બટુકોને મજા આવે માટે તેમને દર કલાકે કંઈક ને કંઈક પ્રસાદ આપતા હતા. ને તે બધા તો ખુશ ખુશ.

ગુરુપૂજન બાદ ગણેશપૂજન, પીઠી અને ગ્રહશાંતિ કરવામાં આવી જે ખૂબ આનંદથી સહુએ કરી. કુટિયા પાસે જઈ આ દરેક બટુકને પીઠી કરવામાં આવી સાથે સંકીર્તનની મસ્તી તો અવિરત ચાલતી હતી. ગુરુપૂજન થયું ગણેશપૂજન થયું ને પીઠી.. તો હવે પ્રસાદ તો મળે જ ને...પૂજ્ય 'મા' તૈયાર જ હતાં દર્શનદ્વારે સહુને પ્રસાદ ધરવા માટે ! ને આજે તો વિશેષ પ્રસાદ. જાણે ચૉકલેટનો વરસાદ હોય તેમ પ્રથમ બાળકો પર અને પછી બધા જ પર પૂજ્ય 'મા'નો પ્રેમ વરસી રહ્યો હતો.

સમય થતાં સૌ ભોજનપ્રસાદ પામ્યા. શ્રી તારકભાઈ અમીન અને તેમની ટીમ દ્વારા સુંદર ભોજન પીરસાતું હતું. આપણા જ સત્સંગી સ્વજનો સહુને પ્રેમથી ભોજન પીરસતાં. પૂજ્ય 'મા'ની આજ્ઞા અનુસાર સર્વેએ પ્રાર્થના કર્યા પછી જ ભોજન લે તેનું

ખાસ ધ્યાન રાખવામાં આવતું હતું. ભોજન પછી વંદના અને ત્યાર પછી સહુ ગરબાની મસ્તીમાં મસ્ત બનવાનાં હતા. આ બધામાં પૂજ્ય 'મા'એ સ્વર્ગારોહણના દરેક નિયમો સહુ પાળે અને વંદના તથા આરોગ્યયાત્રા તો કરવી જ એનું ખાસ ધ્યાન રાખતા. ગરબામાં સહુ અવનવા રંગબેરંગી વસ્ત્ર પરિધાનમાં શોભી રહ્યાં હતાં. આજે તો સ્વર્ગારોહણના આંગણે ઉત્સવ હતો તો સહુ ગરબામાં ઝૂમી રહ્યા હતા. ભાઈઓ મંડપમાં અને બહેનો સરોડાધામની આસપાસ રહીને ગરબા કરે તેનું ખાસ આયોજન કરેલું. પૂજ્ય 'મા' દર્શનદ્વારેથી સહુને નિહાળી રહ્યાં હતાં ને પૂજ્ય 'મા'ને જોઈ સહુનો ઉત્સાહ ઓર વધી જતો હતો. લગભગ ૨ વાર ગરબાની સીડી વાગી અને સહુ ખૂબ ગરબે ઘૂમ્યા..

પૂજ્ય 'મા' સહુની સમક્ષ ઉપસ્થિત થયાં. સહુએ પૂજ્ય 'મા'ને પ્રણામ કર્યા. પૂજ્ય 'મા'ની પવિત્ર સ્લેટ ચાલી સહુને ખૂબ વધાવ્યા. બાળકોના માતાપિતાને ફરી એક વાર વધાવ્યા. શ્રી અનિલભાઈ અને તેમનાં પત્ની ખૂબ સમયથી આ પ્રસંગ માટે પૂજ્ય 'મા'ને પ્રાર્થના કરી રહેલા તેમને પણ વધાવ્યાં. પૂજ્ય 'મા'એ કહ્યું કે શું એક રાત્રિ હરિ કે નામ કરવી છે ? સહુ એ હા કહ્યું પૂજ્ય 'મા' પ્રસન્ન થયા. ખાસ આ ૯ બાળકોના માતા પિતા માટે પૂજ્ય 'મા' એ એક વિશેષ સૂચન કર્યું કે પૂજ્ય શ્રીપ્રભુ અહીં મંડપમાં હાજર હોય તો આપણે પણ કોઈને કોઈએ પ્રભુની સાથે રહેવું જ જોઈએ માટે આજની રાત્રિ સાધના માટે વિચારો. દરેક માતા પિતાને બીજા જે કોઈને પણ સાધના કરવાની ઇચ્છા હોય તે સહુ ૨ ૨ કલાક એટલે કે ૧૨ થી ૨ ને ૨ થી ૪ એ રીતે ભાગ પાડીને જાગી શકે. સહુ એ પૂજ્ય

'મા'ના આ વિચાર ને વધાવી લીધો. સહુ આ સાધના કરવા માટે સજ્જ થયાં. સ્નેહલભાઈને નામ પણ ઘણાનાં મળી ગયાં. ને આ રીતે તા.૧૫નો દિવસ ખૂબ વ્યસ્ત પણ દિવ્ય અને ભવ્ય બની ગયો.

તા.૧૬/૨/૨૦૨૪. આજે સ્વર્ગારોહણના આંગણે યજ્ઞોપવીત સંસ્કારની વિધિ, બટુકયાત્રા, બટુકોની નગરયાત્રા વગેરે આયોજન હતાં. સવારે ૭ વાગે વંદના, પ્રણામ અને પ્રાર્થના વગેરે બાદ નાસ્તો કરી, સહુ સ્વર્ગારોહણના આંગણે તૈયાર થઈ આવી ગયેલાં. આજે ડાકોરથી મંડળી આવી હતી જે પોતાની સાથે નોબત અને મોટી જાતના મંજીરાં લાવેલાં. સહુ તૈયાર થઈ બટુકોને તેમના માતાપિતા પૂજ્ય 'મા' પાસે પહોંચ્યાં. બહાર અમે સહુ મંજીરાં ને નોબતની રમઝટ કરી રહ્યાં હતા. પૂજ્ય 'મા' એ બટુકોને ચૉકલેટના હાર પહેરાવ્યા. માતા પિતાને કંકુ તિલક કરીને વધાવ્યા. પૂજ્ય 'મા' સાથે સહુ નીચે આવ્યાં. પૂજ્ય 'મા' એ પ્રભુના સ્વરૂપને મંડપમાં પ્રણામ કર્યા. અને પોતાનું સ્થાન ગ્રહણ કર્યું. સ્લેટ શ્રી રૂચિતભાઈ વાંચતા હતા. પૂજ્ય 'મા'એ દરેકને આવકાર્યા અને શ્રી દેવાંગભાઈ "જેવો છું તેવો હું" પૂજ્ય શ્રી 'મા' દ્વારા રચિત આ પ્રાર્થના સહુને ગવડાવી. શ્રી સ્નેહલભાઈ ને શાસ્ત્રોક્ત વિધિસહ આ યજ્ઞોપવીત સંસ્કારનું મહત્ત્વ વિશે વાત કરવા માટે કહ્યું. બાકી દરેક આ વિધિમાં ધ્યાન દઈ સાથે જોડાય તેવું પણ કહ્યું.

વાત્સલ્યમૂર્તિ પૂજ્ય શ્રી 'મા'એ સ્વર્ગારોહણની ભૂમિ પર ઉપસ્થિત દરેક લોકો માટે પ્રસાદની વ્યવસ્થા કરેલી અને પૂજ્ય 'મા'ની એક અંતરની ઇચ્છા એવી પણ નવા આવનાર દરેક સ્વજનને પૂજ્ય 'મા' મળે. તો એ હેતુથી વારાફરતી દરેક

બટુકની માતા તેમનાં સ્વજનોનો પરિચય કરાવે અને પૂજ્ય શ્રી 'મા' સસ્નેહ સહુને મળ્યા લગભગ ૩૫૦ જેટલા સ્વજનોને પૂજ્ય શ્રી'મા'એ પોતાના આશીર્વાદ ધર્યા. આ દૃશ્ય ખરેખર ખૂબ નિરાળું લાગતું હતું. ડાકોરથી આવેલી મંડળીને પણ પૂજ્ય શ્રી'મા'એ બિરદાવી.

આમ શાસ્ત્રોક્ત વિધિ પ્રારંભ પામી, શ્રી અર્પિતાબેન મરાઠી ભાષામાં પણ સમજૂતી આપતાં હતાં. દરેક બટુકને મુંડન કરવામાં આવ્યું અને પછી તો પૂજ્ય શ્રી'મા'નો અનંત પ્રેમ..આ દૃશ્ય એવું હતું કે દરેકને લાગે હે 'મા' આવી કૃપા આપ જ કરો. કરુણામૂર્તિ આપ જ છો. દરેક બટુકના મુંડન પર પૂજ્ય શ્રી'મા'એ સ્વયં સ્નેહ ભરેલા હૃદયે ચંદનનો લેપ લગાવ્યો. જાણે આ બટુકોનો આનંદ અને ઉત્સાહ તો સાતમા આસમાને પહોંચી ગયેલો. સમય સાથે શ્રી સ્નેહલભાઈ દરેક વિધિ સંપૂર્ણ શાસ્ત્રોક્ત નિયમો અનુસાર પૂર્ણ કરી. સહુએ ભોજન લીધું અને ફરી બેઠક માટે આવી ગયાં. દરેક બટુકને પૂજ્ય શ્રી 'મા' દ્વારા શેરવાની અને સાફા આપી શણગારવામાં આવ્યા હતા. સહુ આ વસ્ત્રોમાં ખૂબ શોભી રહેલા. હવે પૂજ્ય શ્રી 'મા'નાં પ્રેમનો પ્રવાહ ધોધસ્વરૂપે પ્રસાદ બની આ દરેક બાળકો પર વરસવાનો હતો. બાળકોને કામ લાગે તેવી નાનામાં નાની વસ્તુથી લઈ તેમને ગમતી બધી વસ્તુ, તેમને ભણવામાં, આગળ વધવામાં, બહાર ફરવામાં દરેક ક્ષેત્રમાં ઉપયોગી એવો પ્રસાદ પૂજ્ય શ્રી'મા' સહુને ધરી રહ્યાં હતાં. સહુ નવાઈ અને આશ્ચર્ય સાથે આ પ્રેમસાગર કરુણામયી 'મા'નાં પ્રેમનાં દર્શન કરી રહેલાં. આજે આ બટુકો પાસે તો જાણે કુબેરનો વૈભવ પણ ઓછો પડે તેમ કહું તો ખોટું નહિ એવું મને સતત લાગતું હતું. પોતાના મામાના ખભા પર બેસીને આવેલા આ બટુકો

ખૂબ ખૂબ ભાગ્યશાળી કે પૂજ્ય 'મા'ના શ્રી અંકે સહુને આ યજ્ઞોપવીતનું સદ્ભાગ્ય સાંપડ્યું.

સમય થોડો વધારે થયેલો માટે ઝડપથી સહુ નગરયાત્રામાં જોડાયા. બગીમાં સહુ બટુકો શોભતા હતા ને ઢોલનગારાં સાથે આ યાત્રા અંબાજીના મુખ્ય ચોક સુધી જઈ પાછી ફરી. સહુ કુટિયા સુધી ગયા. ત્યાં ધન્ય ધન્ય ગુરુદેવ પ્રભુની પ્રાર્થના થઈ અને અંતે દરેક સ્વજન પોતપોતાના ગંતવ્યસ્થાન સુધી પહોંચવા સમયે સમયે સ્વર્ગારોહણની ધરાને પ્રણામ કરીને નીકળ્યા.

આ આખી જ ઘટના કેટલી સુંદર ભાસે છે પણ તેની પાછળ પૂજ્ય શ્રી 'મા'નો ૨ મહિનાનો અથાગ પરિશ્રમ અને આ બટુકો પ્રત્યેના તેમના પ્રેમની અપાર લાગણી સાક્ષાત સ્વરૂપે જણાતી હતી. માતા પિતાની દરેક આંખોમાં હર્ષનાં ખુશીનાં આંસુ આવી ગયેલાં. દરેક પૂજ્ય શ્રી 'મા'ને થેંક્યું કહેતા પ્રણામ કરવા લાગ્યા હતા.

આ આખી જ વાતમાં પૂજ્ય શ્રી'મા' એ એક સ્પષ્ટતા જરૂરી કરી જે અહીંયા પણ કરવી જ પડે કે આ આખાય પ્રસંગનો સંપૂર્ણ ભાર પૂજ્ય શ્રી પ્રભુએ ઉપાડ્યો છે કોઈની પણ પાસે હાથ ફેલાવ્યો નથી. એક પણ રૂપિયો કોઈ પાસે માગ્યો નથી. સંપૂર્ણ કાર્યભાર જાણે પ્રભુ જ વહન કરી રહ્યા હોય તેમ પૂજ્ય 'મા' દ્વારા આ સત્કર્મ થયું. ત્યારે જ્યારે મને પ્રથમ વાર આ પ્રસંગના સાક્ષી બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું તો મને થયું કે મારી જનોઈ પણ પૂજ્ય 'મા'ની ઉપસ્થિતિમાં થઈ હોત તો કેવું સારું હતું. અંતે એટલું જ કહેવાનું મન સતત થયા કરે કે હે 'મા'....અગણિત છે તારા ઉપકાર...ફરી ફરી પૂજ્ય શ્રી 'મા' અને પૂજ્ય શ્રી પ્રભુનાં શ્રીચરણોમાં કોટિ કોટિ વંદન.

**–શ્રી રૂચિત પંડ્યા**

# ॥ પરમ પૂજ્ય 'મા' સર્વસમર્થ કલ્પવૃક્ષ ॥

**(સૂરજથી તપતા માણસને શીતળ છાંયડો મળે તેવો આનંદ શ્રી'મા'ના કૃપાસંદેશમાં મળી ગયો.)**

સર્વસમર્થ, કલ્પવૃક્ષ, ખૂબ દયાળુ ને પ્રેમાળ, સદાય સાત્ત્વિક પ્રાર્થના સાંભળીને પૂર્ણ કરનાર, એવા 'પ.પૂ.મા'નાં શ્રી ચરણે અગણિત દંડવત્ પ્રણામ...

"વરદ હસ્ત પ્રભુ તમારો, સદાયે રહેજો જીવનસહારો"

'પૂ.મા'ના સાંનિધ્યમાં નિત્યની જનોઈ થાય તો ?

'પૂ.મા'ના વરદ હસ્તે નિત્યના મસ્તક પર ચંદનનો લેપ થાય, સ્પર્શ થાય, નિત્યને આશીર્વાદ મળે તો ?

જનોઈ થકી નિત્યનાં હૃદયમાં 'પૂ.મા' કાયમકાજ બિરાજમાન થાય તો ?

એવી પ્રાર્થના સદાય થતી હતી. આ પ્રાર્થના નિત્યની બાબરી જ્યારે 'પૂ.મા'ની કૃપાથી સ્વર્ગારોહણમાં થઈ હતી ત્યારથી જ થતી રહેતી હતી.

સૌ જાણીએ છે કે 'પૂ.મા' કેટલા બધા દયાળુ ને પ્રેમાળ છે, એટલે એમણે પ્રાર્થના સ્વીકારીને યોગ્ય સમય લાગતા જ જનોઈ માટે કૃપા કરી.

ડિસેમ્બર ૨૦૨૪નાં છેલ્લા અઠવાડિયામાં બટુકોની જનોઈ કરવાની છે એવો કૃપાસંદેશ મળ્યો. પછી તો જોવાનું જ શું હોય ? તરત જ હા કહી દીધી. મન અંતરમાં આનંદ જ આનંદ, સાગરનાં મોજાની જેમ ઉત્સાહ ઉછાળા માંડવા માંડ્યો, 'પૂ.મા'ને ખૂબ ખૂબ આભારની જ પ્રાર્થના થવા માંડી. અમે તો

ધન્ય થઈ ગયાં. સૂરજની ગરમીથી તપતા માણસને જેમ શીતળ છાંયડો મળે તેવો આનંદ મળી ગયો.

એટલામાં તો તરત જ બીજો સંદેશ જનોઈની તારીખ નક્કી કરવાનો આવ્યો. 'પૂ.મા'એ જે સ્નેહલભાઈને કહીને પાંચ તારીખ કઢાવી, ને સૌને અનુકૂળ હોય તેવી એક તારીખ નક્કી કરવા મોકલી. એમાં એક તારીખ નિત્યના જન્મદિવસની હતી અને રવિવાર હોવાથી સૌને અનુકૂળ પણ આવશે એમ વિચાર્યું, ને બીજા બટુકના માતા પિતા એ પણ મહત્તમ મંજૂરી આપી. પણ આપણે મંજૂર કરનાર કોણ ? 'પૂ.મા પ્રભુ' એ કદાચ એ જ દિવસ નક્કી કર્યો હશે એટલે એ દિવસ (૧૬/૦૨/૨૦૨૫) જનોઈ માટે નક્કી થઈ ગયો. આનંદ થઈ ગયો. મનઅંતરમાં વિચાર ચાલુ થઈ ગયો કે 'પૂ.મા'ની આ પરમ કૃપા માટે આપણે શું કરવું જોઈએ ? એટલે વિચાર આવ્યો કે 'પૂ.મા'ને જપ અર્પણ કરીએ તો ! એટલે તરત જ નિયમ લઈ પણ લીધો કે સવા લાખ જપ 'પૂ.મા'ને જનોઈ પહેલાં અર્પણ કરી દેવા. સાથે બીજા પણ વિચારો મનમાં ચાલુ થઈ ગયા કે જનોઈમાં આપણે શું કરવાનું, ને કેવી રીતે કરીશું ? પણ 'પૂ.શ્રી' કહે તેમ "તું ચિંતન કર, એ ચિંતા કરશે." એ સાર્થક કરતા 'પૂ.મા'એ સૌ બટુકોના માતાપિતાનું એક વોટ્સએપ ગ્રુપ બનાવ્યું ને એના ઉપર યોગ્ય માહિતી ને સંદેશા મૂકાવતાં. એટલે અમારે તો એ સંદેશા પ્રમાણે વર્તવાનું જ હતું. પછી તો કઈ ચિંતા કરવાની હતી જ નહિ. સૌ જાણીએ છે તેમ 'પૂ.મા' જે કાર્ય કરવાનું નક્કી કરે, એમાં સમગ્રતા ધરી દે છે. પછી તો 'પૂ.મા'એ સૌ બટુકોના અલગ અલગ મુદ્રાવાળા ફોટા મંગાવ્યા, સૌ બટુકોને 'પૂ.મા'નાં રાજકુમારની જેમ તૈયાર કરવા માટે માપ પણ

મંગાવ્યા. અમારે તો 'પૂ.મા'ના સંદેશા મુજબ જ કરવાનું હતું. અરે 'પૂ.મા'એ તો ખૂબ સરસ સૌ બટુકોના ફોટોવાળો આમંત્રણ આપતો વીડિયો પણ બનાવીને મોકલ્યો હતો. જનોઈમાં આવનાર સૌ સ્વજનો માટે સ્વર્ગારોહણનાં નિયમો જણાવતો વીડિયો અને માહિતી પણ મોકલી હતી. જનોઈમાં આવનાર સૌ સ્વજનોને પ્રસાદ આપવા માટે બટુક સાથે સંબંધ અને ઉંમર સાથેનું લિસ્ટ પણ મંગાવ્યું. કેટકેટલી તૈયારી, બટુકોને આપવાની સર્વ વસ્તુ સારામાં સારી હોય તેની કાળજી, અથાગ પરિશ્રમ હતો. 'પૂ.મા' કેટલી બધી ઝીણી ઝીણી કાળજી રાખતા હતા. આ સૌ બાબત ઉપરથી 'પૂ.મા'ને બટુકોની જનોઈ માટે કેટલો બધો આનંદ હતો એ સ્પષ્ટ દેખાતું હતું.

'પૂ.મા'ને જનોઈમાં અમે કૈંક કરીએ એવી વિનંતી કરીએ તો એક જ વાત જણાવતા કે "ભૂદેવો પાસેથી જનોઈ માટે કંઈ જ નથી લેવાનું". અરે મહેમાનો માટેના સંદેશામાં પણ હતું કે કોઈ એ બટુકોને કોઈ જ ભેટ કે કવર આપવાનાં નથી, જે કાંઈ આપવાનું છે તે 'પૂ.મા' જ આપશે. ઑફિસમાં પણ કોઈએ દાન નથી કરવાનું.

મન સંકોચ અનુભવતું, પણ ગુરુ આદેશ સર્વોપરી.

'પૂ.મા' એ તો જનોઈમાં પારિવારિક નડી શકે એવી સર્વ શક્યતાનો પણ છેદ ઉડાડી દીધો હતો. જેમકે કોઈ નજીકના સ્વજનનું સ્વાસ્થ્ય બગડ્યું કે મૃત્યુ થવું, કશું જ ના નડ્યું. કેવી અદ્‌ભુત કૃપા.

જેમ જેમ જનોઈના દિવસ નજીક આવતા જાય તેમ આનંદ વધતો જતો હતો, અને બીજી બાજુ જનોઈ છે ને કોઈ ચિંતા નથી એનું પણ આશ્ચર્ય થતું હતું. કારણ, સઘળો ભાર 'પૂ.મા'એ

ઉપાડી લીધો હતો. કૃષ્ણે ગોવર્ધન ઊંચકી લીધો હતો ને એમાં આપણે ફક્ત ઊભા જ રહેવાનું હતું.

ઘરનો પ્રસંગ છે એટલે વહેલા તો જવું જ પડે એટલે એમ વિચારીને અમે ૧૩ની ફેબ્રુઆરી સવારે સ્વર્ગારોહણ પહોંચી ગયા. નિત્ય અને વચન 'પૂ.મા'ને પ્રણામ કરવા પાસે ગયા તો 'પૂ.મા'ને આનંદ થઈ ગયો, બાળકોને પ્રસાદ આપ્યો અને પછી તો સાજે બાળકો માટે ખાસ જ્યુસ પણ મોકલાવતા. ખરેખર બાળકો તો ધન્ય થઈ ગયા, અમે તો જન્મોજન્મનાં ઋણી થઈ ગયા. સ્વર્ગારોહણમાં જે ભક્તો હતા એ સૌ ખૂબ આનંદ અને ઉત્સાહથી સ્વર્ગારોહણ દેવને શણગારતા હતા. કેટલો બધો સુંદર મંડપ, ૯ બટુકો માટે અલગ અલગ સ્થાપન અને 'પૂ.શ્રી પ્રભુ' માટેનું મંદિર સુંદર શણગાર્યું. 'પૂ.મા' સ્વયં સૌ તૈયારી જોવા માટે યજ્ઞોપવીત મંડપમાં આવ્યાં અને જરૂરી સૂચન પણ કર્યા. સર્વત્ર આનંદ અને ઉત્સાહ દેખાતાં હતાં. 'પૂ.મા'ની સતત સંનિધિ સાથે અદ્‌ભુત વાતાવરણ હતું. છેવટે યજ્ઞોપવીતનો પ્રથમ દિવસ (૧૫/૦૨/૨૫, શનિવાર) આવી ગયો. સ્વર્ગારોહણનો સવારનો નિત્ય કાર્યક્રમ (પ્રાર્થના, 'પૂ.મા' સાથે પ્રણામ) થયો. જનોઈ લેતાં પહેલાં, 'પૂ.મા'એ સૌ બટુકોને હસ્તે સત્કર્મ કરાવ્યું. પછી 'પૂ.મા'એ સૌ બટુકો અને માતાને બોલાવ્યાં. 'પૂ.મા'એ સૌ બટુકોને "ૐ મા રક્ષમામ"નો ખેસ આપ્યો ને માથે ભારતના ત્રિરંગાવાળી પાઘડી પહેરાવી. 'પૂ.મા'નાં પ્રેમ થી ઊભરાતા બાળકો સરસ દેખાતા હતા. સૌ માતા 'પૂ.મા'ને ધન્યવાદ અને આમંત્રિત કરતું કાર્ડ બનાવીને લઈ ગયા હતા. 'પૂ.મા' પ્રસન્ન થઈને એક બૉર્ડ પર એ સૌ કાર્ડ લગાવીને મંડપની સામે મૂકાવ્યું. પછી 'પૂ.મા' સૌ બટુકોને

નગરદેવીનાં દર્શન માટે સ્નેહલભાઈ અને હેમલભાઈ સાથે અંબાજી મંદિર મોકલે છે. સૌ મંદિરમાં 'ૐ મા'નાં જયગાન કરતા ખૂબ પ્રેમથી દર્શન કરી આશીર્વાદ માગે છે.

બપોરે ૦૧:૩૦ પૂજનની શરૂઆત થાય એ પહેલાં સૌ આમંત્રિત અને ભક્તો તારકભાઈ અમીન દ્વારા સંચાલિત 'પૂ.મા'નો ભોજનપ્રસાદ લઈ તૃપ્ત થઈ તૈયાર થઈ ગયાં. સૌ બટુકોના પિતા એક સરખા પીતાંબર અને ખેસ પહેરી તૈયાર થઈ ગયા. 'પૂ.મા' સૌ બટુકોને માતાપિતા સાથે બોલાવે છે. અમે સૌ વારાફરતી 'પૂ.મા'ને પ્રણામ કરી આશીર્વાદ માગીએ છીએ. ખૂબ પ્રસન્ન 'પૂ.મા', પોતાના વરદ હસ્તે અમારા મસ્તક પર તિલક કરે છે. એ સમયે તો મારો આત્મા ધન્ય ધન્ય હો, ખૂબ ખૂબ આભાર 'હે મા' પોકારતો હતો. હૃદયમાં કેટલો બધો આનંદ અને ગદગદ હતું, એ પ્રસન્નતા કેવી રીતે શબ્દમાં વર્ણન થાય ? નિત્યને લીધે અમે પણ ધન્ય થઈ ગયાં. પછી તો 'પૂ.મા'એ અમને ગુલાબની પાંખડી પાથરેલી ડીશ આપી અને પછી મને 'પૂ.શ્રી પ્રભુ'નું અને મોનાને 'પૂ.શ્રી મા'નું સુંદર કમળ પર બિરાજમાન અદ્ભુત સ્વરૂપ પૂજા માટે આપ્યું. સૌ બટુકોનાં માતાપિતાને 'પૂ.મા'એ આવી જ રીતે સ્વરૂપ આપ્યું. 'પૂ.મા' કેટલા બધા પ્રસન્ન હતાં, મને તો એ જોઈને જ આનંદ થતો રહેતો હતો. પછી તો સૌ પ્રણામ કરીને એક લાઈનમાં ઊભા થઈ ગયા. 'પૂ.મા'એ બટુકોને 'પૂ.શ્રી પ્રભુ'નું પદ્માસનમાં બિરાજમાન યુવાસ્વરૂપ યજ્ઞોપવીત મંડપના મંદિરમાં સ્થાપન માટે આપ્યું. શંખનાદ અને 'ૐ મા' 'જય મા'નાં ગાન સાથે 'પૂ.મા' બટુકો સાથે પ્રાંગણમાં આવે છે. ત્યાં 'પૂ.શ્રી પ્રભુ'નું સ્વરૂપ પાલખીમાં બેસાડે છે. પછી સૌ બટુકો પાલખીને કુટિયા

પાસે લઈ જઈ ને પ્રણામ કરી પાછા મંડપ પાસે આવે છે. મહત્ત્વની વાત તો એ છે કે ભક્તો અને આમંત્રિતની ભીડ વચ્ચે પણ 'પૂ.મા' સૌ બટુકો સાથે પાલખી જોડે ચાલે છે. અમને સંકોચ થયા કરતો કે કોઈ 'પૂ.મા'ને સ્પર્શ ના કરી દે. પણ 'પૂ.મા' તો હસતાં હસતા બટુકોને પાલખી જોડે ચાલતાં હતાં. પછી 'પૂ.શ્રી પ્રભુ'ના સ્વરૂપને મંદિરમાં પધરાવી અમે સૌ 'પૂ.મા'ને પ્રણામ કરી પોતપોતાના પૂજાના સ્થાપન પર 'પૂ.શ્રી પ્રભુ' અને 'પૂ.શ્રી મા'નું સ્વરૂપ પધરાવી બેસી જઈએ છે. નવ બટુકો હતા એટલે પાંચ પૂજાના સ્થાપન એક બાજુ ને બીજીબાજુ ચાર સ્થાપન હતા ને વચ્ચે 'પૂ.શ્રી પ્રભુ'નું મંદિર. કોઈને સ્થાપનની જગ્યા માટે મનદુઃખ થાય નહિ એટલે 'પૂ.મા'એ પહેલેથી સ્થાપન પર નંબર લગાવી દેવડાયા હતા. એટલે 'પૂ.મા'એ બટુકો જ પાસે 'પૂ.શ્રી પ્રભુ' પાસે નંબરની ચિઠ્ઠી ઉપાડાઈ. જે બટુકોનો જે નંબર આવ્યો એ સ્થાપન પર સૌ પ્રેમથી બેસી ગયા. કોઈને કોઈ જ અણગમો કે પ્રશ્ન નહિ, સૌને 'પૂ.મા' જે કહે તે સ્વીકાર્ય જ. કારણ એક બાજુ 'પૂ.શ્રી પ્રભુ' તો બીજી બાજુ 'પૂ.શ્રી મા' બિરાજમાન હતાં ને ખાસ તો અમારાં બાળકોને 'પૂ.મા' દ્વારા યજ્ઞોપવીત સંસ્કાર મળવા જઈ રહ્યા હતા.

નવમંત્રોચ્ચાર અને "અમારા બધાં કાર્યોમાં તમારી મદદ માગું છું" સાથે પ્રાર્થના કરીને પૂજનની શરૂઆત થાય છે. સ્નેહલભાઈ અને બીજા દશ બ્રાહ્મણો પૂજન કરાવે છે. 'પૂ.મા' સૌ ભક્તો ને શાંતિથી પૂજનમાં મન લગાવી સાંભળવાનું કહે છે. 'પૂ.શ્રી મા પ્રભુ'ની ઉપસ્થિતિને લીધે વાતાવરણ એકદમ શુદ્ધ, પવિત્ર, અને મન ને પૂજામાં કેન્દ્રિત કરે એવું હોય છે. નિયમ મુજબ સૌ વિધિ એક પછી એક થાય છે. જેમાં ગણેશજીનું

પૂજન, ગુરુપૂજન, બટુકોને પીઠી, ગ્રહશાંતિ થાય છે. કુટિયા પાસે સૌ બટુકોને પીઠી કરાય છે જેથી 'પૂ.મા' દર્શનદ્વારથી જોઈ શકે.

પૂજન સમયે 'પૂ.મા'નું એક પદ ગવાય છે જે સૌને હૃદયસ્પર્શી જાય તેવું છે. અમારા એક સ્વજન તો આંખમાં આંસુ સાથે કહેતા કે પદના એકએક શબ્દ હૃદયમાં ઊતરી જાવ તેવા હતા. તે પદ હતું, "જેવો છું તેવો હું, સ્વીકારી લેજે તું". મારી તો એ આખા પૂજન સમયની પ્રાર્થના જ બની રહી. 'હે મા' અમારી ભૂલોને ભૂલી સદાય આપની પાસે જ રાખજો. ખૂબ સરસ શુદ્ધ મંત્રોચ્ચાર સાથે પૂજા થાય છે. બ્રાહ્મણો પણ સારા હતા, બધી વિધિ સમજાવતા અને પૂર્વ તૈયાર રહેતા. નિત્ય વિધિ વિશે પૂછે તો પ્રેમથી સમજાવતા પણ ખરા.

દર્શનદ્વારથી 'પૂ.મા' એ સૌ બટુકોને અને બીજા આવેલાં સૌ નાનાં બાળકો પર અઢળક પ્રસાદ વરસાવ્યો અને સાથે એ પ્રસાદ મુકવા ખૂબ સરસ બેગ પણ આપી. કેટલી બધો પ્રસાદ કે કદાચ બાળકો લેતાં લેતાં થાકી પણ ગયાં હશે પણ 'પૂ.મા' થાકતાં ન હતાં. જાણે મુશળધાર વરસાદ ! પ્રથમવાર આવેલા સૌ સ્વજનો 'પૂ.મા' ને અને આ જોઈને ને આનંદિત અને ચકિત થઈ ગયા કે કોઈ ગુરુ આવા પણ હોય ! સતત હસતા ને પ્રેમ વરસાવતા. કશુંજ લેવાનું નહિ ફક્ત આપવાનું જ. ઘણા સ્વજનો કહેતા કે તમારો ખૂબ આભાર કે અમને જનોઈમાં બોલાવીને અમારી 'પૂ.મા'નાં દર્શન કરવાની ઈચ્છા પૂર્ણ કરી.

સાંજે પૂજનવિધિને દિવસ માટે વિરામ આપીને સૌ ભોજનપ્રસાદી લે છે. કેટલી સુંદર વ્યવસ્થા, કેટલી બધી વાનગીઓ. સૌએ ટેબલ ખુરશી પર બેસીને બધી વાનગી પીરસાય જાય પછી પ્રાર્થના કરીને જ ભોજન શરૂ કરવાનું. સૌ

આમંત્રિતોને પીરસનાર પણ આપણા જ ભક્તો અને સૌ સરસ પહેરેલાં કપડે જ હસતા મોઢે પ્રેમથી પીરસતા. આ બધું જ નવા સ્વજનો માટે આશ્ચર્યજનક હતું. સૌ સ્વજનો ખુશ થઈને વખાણ કરતાં. આજે તારકભાઈ અમીનનો જન્મદિવસ હતો એટલે 'પૂ.મા' એમને સૌ બટુકોને કહીને ફૂલોનો હાર પહેરાવી સન્માન કરે છે.

રાત્રે 'પૂ.મા'એ ગરબા રાખ્યા, સૌ એમાં તૈયાર થઈને ખૂબ ઉત્સાહ ને આનંદથી ગરબે ઘૂમ્યા. ગરબા પછી 'પૂ.મા' પધારીને સૌ બટુકોનાં માતાપિતાને ભેટ આપે છે. પછી સૌ આમંત્રિતોને પ્રસાદ આપે છે, ને પછી છેલ્લા આઈસ્ક્રીમનો પ્રસાદ તો ખરો. અધધધ, જાણે પ્રસાદની હેલી જ હતી.

'પૂ.મા' રાત્રે બટુકોના માતાપિતાને અને બીજા સાધકોને પ્રિય ઊંઘમાં કાપ મૂકી બે કલાક સાધના કરવા માટે કહે છે. સૌ અનુકૂળતા પ્રમાણે રાત્રે સાધના કરે છે. રાત્રે સરસ શાંતિમાં 'પૂ.શ્રી પ્રભુ'ના સ્વરૂપ સામે ખૂબ સરસ જપ ને પ્રાર્થના થાય છે.

આજે બીજો દિવસ (૧૬/૦૨/૨૫, રવિવાર) આજે યજ્ઞોપવીતની બધી વિધિ પૂર્ણ થશે. સવારે સ્વર્ગારોહણનો નિત્ય કાર્યક્રમ થાય છે. 'પૂ.મા' સૌ બટુકોને અને એમનાં માતાપિતાને ડાકોરની મંડળી સાથે બોલાવે છે. 'ૐ મા' 'જય મા' અને ડાકોરની મંડળીનાં સરસ મંજીરાં અને ડફલીના તાલ સાથે 'પૂ.મા' સ્વયંમ્ હાથમાં શિવલિંગ લઈને નીચે મંડપમાં પધારે છે. મંડપની વચ્ચે શિવલિંગ સ્થાપન કરીને સૌ બટુકોના હસ્તે ગંગાજીનો અભિષેક કરાવે છે. હવે 'પૂ.શ્રી પ્રભુ' શિવજી સ્વરૂપે પણ બટુકોને આશીર્વાદ આપશે. 'પૂ.મા'નાં બાળકો કેટલા બધા ધન્ય છે ! એ ડાકોરની મંડળી કે જે અશિષભાઈના

સાસરીમાંથી હતા તેમને 'પૂ.મા' પાસે બોલાવે છે અને એમને પ્રેમથી સત્કારે છે.

'પૂ.મા' સ્થાન પર બિરાજમાન થાય છે. નવમંત્રોચ્ચાર સાથે હવે જનોઈની વિધિ શરૂ થાય છે. 'પૂ.મા'ની સતત સંનિધિથી પૂજનવિધિનો આનંદ કંઈક અલગ જ હોય છે. વિધિમાં આહ્‌વાન કરેલા સૌ ભગવાનને પ્રેમથી સ્નાન કરાવવું. પૂજન કરવું. એમને ભોજન કરાવવું પણ સાચું લાગતું હતું. સ્નેહલભાઈ ખૂબ પ્રેમથી સમજાવીને વિધિ કરાવતા હતા. નિત્યને પણ વિધિમાં ખબર પડતી હતી એટલે એને તો ખૂબ આનંદ આવતો હતો. જનોઈ કેમ કરવી અને જનોઈ પહેરીને કયાં નિયમો પાળવાના એ ખૂબ ધ્યાનથી સાંભળતો હતો.

વિધિમાં અમુક સમય પૂરતી માતાની જરૂર ના હોવાથી બીજી બાજુ સૌ બટુકોના આવેલા સ્વજનોને પ્રસાદ આપવા માટે એક પછી એક બટુકના પરિવાર ને સ્ટેજ પર બોલાવે છે. 'પૂ.મા' સ્વયં એક એક પરિવારના સભ્યોને ઊભા થઈને પ્રસાદ આપે છે. આ 'પૂ.મા'નું અમારા પર કેટલું મોટું ઋણ થાય, જે અમારા ભગવાન છે એ નિર્જળા હોવા છતાં સૌને વરદ હસ્તે પ્રસાદ આપે ! પ્રસાદમાં લક્ષ્મીજીનું કવર, પુરુષોને પીતાંબર, જનોઈ, માળા, કેટલું બધું આપે છે. કદાચ કોઈને આવો વિચાર પણ નહિ હોય કે આટલો બધો પ્રસાદ 'પૂ.મા'ના વરદ હસ્તે મળશે. સૌ અચરજ સાથે આનંદિત હતા.

આજે નિત્યનો જન્મદિવસ હતો. જે 'પૂ.મા' જાણતાં હશે એટલે નિત્યને સ્ટેજ પર બોલાવે છે. જન્મદિવસની પ્રાર્થના ગવાય છે. કેટલા બધા આશીર્વાદ સાથે કેટલો બધો પ્રસાદ આપે છે. નિત્ય માટે તો એ એક ખજાના જેવો જ હતો. અધધધ,

'પૂ.મા' એક આખો મોટો થેલો ભરાય જાય એટલો બધો પ્રસાદ આપ્યો. નિત્યને ગમતા વિષયની પુસ્તકો પણ એમાં હોય છે. તેમ છતાં સંતોષ ન થતાં 'પૂ.મા' પાસે મૂકેલ ફૂલોનો ગુલદસ્તો પણ આપે છે, જાણે કહેતા હશે કે ફૂલો જેવું સુંદર સુગંધિત જીવન થજો. નિત્યનો જન્મદિવસ તો યાદગાર અને ધન્ય બની ગયો.

મુંડનનો સમય થતાં સૌ બટુકોને મુંડન કરી સ્નાન પછી 'પૂ.મા'એ આપેલા સુંદર પીતાંબર બ્રાહ્મણોએ પહેરાવ્યાં. આ વેશમાં સૌ બટુકો ખૂબ સુંદર નાના શંકરાચાર્ય જેવા દેખાતા હતા. બટુકો તૈયાર થઈને 'પૂ.મા' પાસે જાય છે, ત્યાં 'પૂ.મા' સૌ બટુકોને માથે ખૂબ પ્રેમથી ધીરે ધીરે ચંદન લગાવે છે. જાણે ધીરે ધીરે પ્રેમથી સંસ્કાર ભરતા હોય. આ માટે જ તો અમે વર્ષોથી પ્રાર્થના કરતાં હતાં. આ બાળકો તો નસીબદાર છે. અને કેમ ના હોય ? 'પૂ.મા'નાં જ તો બાળકો છે. બડવાની વિધિ કરવા માટે સૌ બટુકો કુટિયા તરફ દોડે છે. નિત્યના ચાર મામા આવ્યા હતા એટલે સૌ ભેગા થઈ નિત્યને ઊંચકીને 'પૂ.મા' પાસે લાવે છે. ચારેય મામાના મુખ પર આનંદ અને 'પૂ.મા'એ આપેલો પ્રેમ દેખાતો હતો. ભિક્ષા માગવા પણ સૌ બટુકો 'પૂ.મા' પાસે જાય છે. 'પૂ.મા' સૌ બટુકોને વારાફરતી પોતાના વરદહસ્ત થી પ્રસાદ ખવડાવે છે. અહોભાગ્ય છે બાળકોના કે સ્વયં અન્નપૂર્ણા સમાં 'પૂ.મા' બાળકોને ખવડાવે. 'પૂ.મા' ખૂબ પ્રેમથી સૌ બટુકોને ભિક્ષા આપે છે. ભિક્ષામાં થાળી, મીઠાઈ ને લક્ષ્મીજી પણ આપે છે.

'પૂ.મા'ના બટુકો રાજકુમાર દેખાય એ માટે રાજકુમાર જેવી ખૂબ સુંદર શેરવાની બનાવાનું કામ મનીષાબેન જોષીને સોપેલું. 'પૂ.મા' મનીષાબેનના જ હસ્તે સૌ બટુકોને શેરવાની અપાવે છે. સૌનાં માપ પ્રમાણે ખૂબ સુંદર પાઘડી અને ગળામાં મોતીની

માળાવાળી શેરવાની છે. સૌ આમંત્રિત અને ભક્તો ભોજનપ્રસાદ લે પછી બટુકોની 'પૂ.મા' તરફથી વિશેષ પ્રસાદ મળશે અને પછી શોભાયાત્રા છે, પછી સૌ ઘરે જઈ શકે. એવું સૂચન થાય છે. સૌ ખૂબ પ્રેમથી ભોજનનાં વખાણ કરતા સ્વર્ગારોહણમાં આવે છે, ત્યાં સુધી સૌ બટુકો 'પૂ.મા'એ આપેલા રાજકુમારના વેશમાં રાજકુમારની જેમ તૈયાર હતા. જનોઈ માટે જ્યારથી આવ્યા છે ત્યારથી 'પૂ.મા' કંઈને કઈ પ્રસાદ આપ્યા જ કરે છે. બટુકોના વધારાની બેગ પણ પ્રસાદ થી ભરાઈ ગઈ છે. છતાં પણ 'પૂ.મા' કહેતા કે અમે બટુકોને એમના વજન જેટલો વિશેષ પ્રસાદ આપીશું. એવું અમારી સાથે વાત કરતાં 'પૂ.મા'ના મુખ પર ખૂબ પ્રેમ અને આનંદ દેખાતો હતો. એ વખતે મારું હૃદય ગદગદ બની ગયું હતું અને આંખમાં આંસુ હતાં. ખૂબ ખૂબ આભાર જેવા એ સમયે લાગતા સામાન્ય શબ્દો પણ આંસુમાં ભૂંસાઈ ગયા એટલે કશું જ ના કહી શકાયું.

('પૂ.મા' સૌ બટુકોને એક પછી એક એટલી બધી વસ્તુ પ્રસાદમાં આપે છે કે સૌ જોનાર અને બટુકો પણ થાકી ગયા હશે પણ 'પૂ.મા'ને થાક ન હતો. રોજિંદા જીવનમાં અને ભણતરમાં જરૂરી બધી જ વસ્તુ, ચૉકલેટ, બાળકોને રસ પડે એવા આધ્યાત્મિક પુસ્તકો પ્રસાદમાં આપે છે. અરે આ જોડે જોડે યાત્રામાં લઈ જઈ શકાય એ માટે મોટી ટ્રોલી બેગ પણ આપે છે. અધધધ...બટુકો માટે તો કુબેરનો ખજાનો હતો. બટુકોના મુખ પર કેટલો બધો આનંદ અને ઉત્સાહ હતો. 'હે મા' આપ સદાય આપનાં બાળકો પર આવો ઉત્સાહ અને આનંદ જ રાખજો, ને એ બીજાના જીવનમાં પણ એવો આનંદ ભરે એવા આશીર્વાદ આપજો.)

'પૂ.મા' સૌ આમંત્રિત મહેમાનોને ઘરે જતા પહેલાં પ્રસાદ આપે છે. સૌ આનંદિત થઈને પ્રસાદ પામતા હતા. યજ્ઞોપવીતમાં જાણે એક જ મંત્ર હોય તેમ ફક્ત આપો આપો, પ્રસાદ આપો, પ્રેમ આપો, આનંદ આપો. 'પૂ.મા' ધોધમાર વરસાદની જેમ વરસતાં જ હતાં.

યજ્ઞોપવીતમાં સૌથી મહત્ત્વની વાત તો એ હતી કે યજ્ઞોપવીતનો બધો જ ખર્ચ 'પૂ.શ્રી મા પ્રભુ તરફથી જ હતો. કોઈની પાસેથી કંઈ જ લીધું ન હતું. કોઈની પાસે કશું માગ્યું નથી, વપરાયેલી લક્ષ્મીજી ફક્ત 'પૂ.શ્રી મા પ્રભુ'ની જ હતી. કોઈને પણ બીજા કોઈ વિચાર ના આવે એ માટે 'પૂ.મા'એ આ જાણ કરી હતી. કેવી સરસ સમજ આપી સૌને જગાડી દીધા. 'પૂ.મા'નાં નવ રાજકુમાર બટુકો હવે સુંદર ઘોડાવાળા અને રંગબેરંગી લાઈટવાળા રથમાં બેસીને શોભાયાત્રા માટે જાય છે. સૌ રથની આસપાસ ગરબા ગાતા ગાતા હતા. બટુકોનો ઉત્સાહ એટલો બધો હતો કે જાણે આજે આ રથ પાછો નહિ જાય. આવો પ્રેમ ઉત્સાહ તો ફક્ત આપણા 'પૂ.મા' પાસેથી જ મળે.'

સૌનાં મુખ પર ફક્ત આનંદ જ હતો.

અમે તો 'પૂ.મા'ના જન્મોજન્મના ઋણી છીએ પણ જોડે સ્વર્ગારોહણનાં ભક્તોનાં પણ ઋણી છીએ. સૌ ભક્તો એ આનંદથી અમારા આમંત્રિત મહેમાનોની સેવા કરી. ભોજનમાં પણ સૌ ભક્તોએ સરસ કપડાં પહેરેલા હોવા છતાં, બગડશે એવી ચિંતા કર્યા વગર ખૂબ પ્રેમથી ભોજન પીરસીયું હતું. જનોઈ પછી સૌ આમંત્રિત સાથે વાત થઈ ત્યારે આ વાતનો પણ ખ્યાલ આવ્યો.

અનિલકાકા ને પણ ખૂબ ખૂબ આભાર કે વારંવાર 'પૂ.મા'ને જનોઈ માટે કહેતાં તો એ પ્રાર્થના સ્વીકારી.

શ્રદ્ધાળુઓ 'પૂ.મા'ના પ્રેમ આશીર્વાદનું ભાથું બાંધીને ગયા અને જેમાં ઓછી શ્રદ્ધા હતી કે સુંદર વ્યવસ્થાનો આનંદ પામી પાછા ગયા. કોઈ ખાલી હાથે પાછા ફર્યા નથી. 'પૂ.મા'ના દરબારમાંથી કોઈ ખાલી હાથે પાછો ફરતો નથી. 'પૂ.મા'ના અખૂટ પ્રેમ અને કૃપા સામે શબ્દથી કહેવું મારા માટે તો ખૂબ કઠિન હતું. મુખમાંથી શબ્દને બદલે આંખમાંથી આંસુ જ પહેલ કરી મૂકે. પછી એ વહેણમાં શબ્દો કહીએ એ ધોવાઈ ને ખોવાઈ જાય. પણ કહ્યા વિના ચાલે તો નહિ ! 'પૂ.મા'ના ઉપકારો સામે કૈંક તો કહેવું પડે એટલે લખીને ક્ષમાના પ્રણામ કરું છું. 'પૂ.મા'ની કૃપાને મહાન ઋષિમુનિ પણ શબ્દમાં મૂલવી ન શકે. લખતાં લખતાં પૃષ્ઠો પણ ભરાઈ જાય. એ બધાંની સામે અમે શું લખી શકીયે ?

અગણિત છે તારા ઉપકાર, કદી કોઈ કાળે પણ એ ચૂકવી નહિ શકીએ. અમે તો ફક્ત પ્રાર્થના જ કરીએ કે જન્મોજન્મ તમારાં જ બાળક બનાવીને રાખજો. 'પૂ.શ્રી પ્રભુ'ની આંગળી પકડીને આપનાં કાર્યો કર્યા કરીએ અને 'પૂ.શ્રી મા' આપના શ્રી અંકે શાંતિ પામીએ. નિત્ય અને અમે આપનું ગૌરવ બનીએ, આપને ગમતા બનીએ એવા આશીર્વાદ આપજો.

હે 'મા', ભૂલથી કે અજ્ઞાનથી અમે આપને ક્યારેક પણ દુઃખ પહોંચાડ્યું હોય તો બાળસહજ ગણી ક્ષમા કરજો. પણ કદી તમારાથી દૂર ના કરતાં. કોટી કોટી પ્રણામ આપની્ કૃપા સામે કંઈ જ નથી. છતાં આપના શ્રીચરણે મારા અગણિત પ્રેમભર્યા પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

**—શ્રી નિકુંજ જોશી**

# ॥ યજ્ઞોપવીત સંસ્કારપર્વ ॥

**('મા'ના રાજમાં પ્રાર્થના માટે હાથ ઉપર ઊઠતાં પહેલાં જ પ્રાર્થના મંજૂર થાય છે.)**

સ્વર્ગારોહણતીર્થ એ સાધકોની આસ્થાનું કેન્દ્રબિંદુ છે. અનેક સાધકો સ્વર્ગારોહણના દ્વારે આવે છે. અને પોતાના સંકલ્પો લઈને જાય છે. અને જ્યારે સંકલ્પપૂર્તિ થતાં પાછાં સ્વર્ગારોહણતીર્થના દ્વારે આભારના પ્રણામ કરવા દોડતા પધારે છે. એ બધું આપણે સૌએ ખુલ્લી આંખે જોયું છે. અનુભવ્યું છે. અનેક પર્વો આ ધરતી પર આકાર પામ્યાં છે. અને સફળતાપૂર્વક પૂર્ણ થયા જ છે.

આજે આપણે વાત કરીશું સ્વર્ગારોહણતીર્થ દ્વારે સંપન્ન થયેલ આઠમા યજ્ઞોપવીત સંસ્કારપર્વની, શ્રી અનિલભાઈ ભટ્ટ જેવા અનેક સાધકોના સાત્ત્વિક સંકલ્પોના ફળસ્વરૂપે સ્વર્ગારોહણતીર્થના દ્વારે યજ્ઞોપવીત સંસ્કારપર્વનું આયોજન તા.૧૫/૦૨/૨૦૨૫ અને તા.૧૬/૦૨/૨૦૨૫ દરમ્યાન થયું હતું. નવ જેટલા ભૂદેવ ભક્ત બાળદેવતાઓને યજ્ઞોપવીત સંસ્કારથી સજ્જ કરવાના હતા. પૂજ્ય શ્રી 'મા' જ્યારે કોઈપણ પર્વનું આયોજન કરતાં હોય ત્યારે એ આયોજનની વાત જ કંઈ અલગ જ હોય છે.

પૂજ્ય શ્રી'મા'એ અનિલભાઈ તથા તેમનાં ધર્મપત્નીને સ્ટેજ પર બોલાવ્યાં છે. પૂ.શ્રી'મા' તે ભક્ત દંપતીને વધાવે છે. નવ બાળદેવતાઓ તેમને ફૂલહારની માળા અર્પણ કરે છે. તે બન્ને ખૂબ ભાવુક થાય છે અને પૂજ્ય શ્રી'મા'નાં કૃપા આશિષથી જ

આ શક્ય બન્યું છે તેમજ આનો સંપૂર્ણ યશ પૂજ્ય શ્રી 'મા'ને જ આપે છે.

આ પર્વ આમ જોવા જઈએ તો જીવનું શિવ સાથેના મિલનનું હતું એમ કહી શકાય, આ સંસ્કારનું સિંચન બાળદેવતાઓ માટે અત્યંત જરૂરી છે. આજના આ દૂષણયુક્ત સમયમાં આપણા બાળદેવતાઓને જો આ બધાં દૂષણોથી મુક્ત રાખવા હોય તો સંસ્કારસિંચન ખૂબ જ જરૂરી છે. અને તેથી જ તો આવા પર્વના આયોજન આ સ્વર્ગારોહણતીર્થ ભૂમિ પર થયા કરે છે. આપણા પૂજ્ય શ્રી'મા' જાણે સૌ સાધકોના રાહબર છે. મિત્ર છે, માતા છે, પિતા છે, મામા છે, ભાઈ છે, બહેન છે, શિક્ષાગુરુ છે, દીક્ષાગુરુ છે, અરે સ્વયં ભગવાન છે, જગત જનની 'મા' જગદંબા છે, પ્રેમસ્વરૂપા 'મા' છે, કરુણાસ્વરૂપ 'મા' છે. વાત્સલ્યમયી 'મા' છે, મમતાળુ 'મા' છે, સ્વયં સરસ્વતી સ્વરૂપા 'મા' છે, સ્વયં લક્ષ્મીસ્વરૂપા 'મા' છે જ એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી જ ! અરે આ પ્રસંગમાં મામેરું પણ પૂજ્ય શ્રી'મા' જ કરવાના છે. સામાન્ય રીતે મામાના ભાગમાં આ કાર્ય સંપન્ન કરવાનું આવે છે કારણ જ્યારે બહેનના ઘરે પ્રસંગ હોય અને ભાણેજને આપવાનું હોય ત્યારે મામેરું ભરવાનું એમ કહેવાય છે. પણ આપણે જો મામેરું શબ્દની સંધિ છૂટી પાડીએ તો 'મા' અને મેરુ એટલે એક 'મા'ના હૃદયમાં જે ઉમળકો હોય તે ઉમળકાથી ભાઈ પોતાની બહેનને ઘરે મેરુ પર્વત જેટલું અથવા પોતાની શક્તિ પ્રમાણે વ્યવહાર કરવાની કોશિશ કરે છે. પણ આ પ્રસંગમાં સ્વયં પૂજ્ય શ્રી'મા' જ મામા બની મામેરું કરવાના હતાં એટલે પૂજ્ય શ્રી 'મા'એ મેરુ પર્વત જેટલું આપવા માટે રાતદિવસ એક કરી દીધાં છે. તે આપણે સૌએ પ્રત્યક્ષ નિહાળ્યું છે.

બીજુ આ પ્રસંગે એકવાત અમનભાઈના ઉપનયન સંસ્કાર વખતની યાદ આવે છે. કારણ તે વખતે શ્રી ડાકોરની ભજન-મંડળી આવી હતી, જેમાં અમનનાં દાદી અને મામા અને મામી આવ્યા હતા અને તે સૌએ સરસ શોભાયાત્રામાં પોતાના વાજિંત્રોથી વાતાવરણને રણછોડમય કરી દીધું હતું. તેમ આ વખતે તો શક્ય નહિ બને કારણ આ વખતે તો અમનભાઈના ઉપનયન સંસ્કાર નથી. આવો અમુક ઉપનયન સંસ્કારમાં સામેલ બાળદેવતાઓનો માતા પિતાના મનમાં આવો વિચાર આવ્યો. પણ અરે વિચાર આવ્યો તે પહેલાં તે સ્વજનોને પૂજ્ય શ્રી 'મા' પોતાનાં આવાસમાં બોલાવે છે. અને પૂજ્ય શ્રી 'મા' કહે છે કે આ વખતે પણ શ્રી ડાકોરની મંડળીને પૂજ્ય શ્રી 'મા'એ આમંત્રણ આપ્યું છે. ત્યારે એ સ્વજનોની ખુશીનો પાર ના રહ્યો કારણ પ્રાર્થના માટે વિચારીએ અને તે પહેલાં જ પ્રાર્થના મંજૂર થાય તે તો પૂજ્ય શ્રી 'મા'નાં રાજમાં જ શક્ય બને. એ આ સ્વજનોએ ખુલ્લી આંખે નિહાળ્યું.

પૂજ્ય શ્રી'મા' પણ વિશેષતાઓને વધાવવામાં ક્યાંય પાછાં પડે એવા નથી, પૂજ્ય શ્રી'મા'એ પણ શ્રી ડાકોરની મંડળીના પાંચ સભ્યોને સ્ટેજ પર બોલાવ્યા છે. શ્રી રથીભાઈ તે સૌને ખેસ પહેરાવી તે સૌને પંચાંગ પ્રણામ કરી સ્વર્ગારોહણની પરંપરાને દીપાવે છે. અને પૂજ્ય શ્રી'મા' સ્લેટમાં લખે છે. શ્રી રણછોડરાયના પ્રસાદ જેવી આ મંડળી કેવા ભાવથી આ પ્રસંગમાં સામેલ થઈ અને એકધારાં વાજિંત્રોને તાલબદ્ધ રીતે વગાડી વાતાવરણને દિવ્ય બનાવે છે. પૂજ્ય શ્રી'મા' પ્રસાદ આપી તે સૌને વિદાય કરે છે. પૂજ્ય શ્રી'મા'ની વિશેષતાને વધાવવાની કેવી સરસ રીત ! એ વંદનીય છે. અનુકરણીય છે..જ્યાં જ્યાં વિશેષતાઓ છે ત્યાં ત્યાં વધાવવી જોઈએ તેમ

પૂજ્ય શ્રી'મા' માને છે અને તે વાત આપણને પણ સમજાવી રહ્યા છે.

પૂજ્ય શ્રી'મા' દરેક ક્ષેત્રમાં પારંગત છે. પૂજ્ય શ્રી'મા' ધારે તે સાધક પાસે ધારે તે કામ કરાવી શકે પછી ભલે એ સાધક પાસે એ માટે કોઈ વિશેષ અનુભવનું ભાથું ન હોય અને તો પણ પૂજ્ય શ્રી 'મા' જો આપણને કાર્યભાર સોંપે તો તેને પૂરું પણ તે કરાવે અને તે જ સંભાળે પણ છે. અને સરસ રીતે કાર્ય પૂર્ણ પણ તે જ કરાવે છે. અને એનો યશ આપણને આપે તે અનેક સાધક/ભક્તોની અનુભૂતિ છે.

આ સ્વર્ગારોહણતીર્થની ધરા કેટકેટલાં તપની કેટકેટલાં પર્વની સાક્ષી બની ગર્વથી ઊભી છે. પૂજ્ય શ્રી'મા' દ્વારા કરવામાં આવતાં અનેક તપ અનેક પર્વ આ ધરાએ નિહાળ્યાં છે. કદાચ એને વાચા ફૂટે તો આપણે વિસ્મયથી તે શ્રવણ કર્યા જ કરીએ. તોય ખૂટે નહિ એટલું ભાથું આ ધરામાં સમાયેલું છે. આ સ્વર્ગારોહણતીર્થમાં નિયમિત કે અનિયમિત, સબળ કે દુર્બળ, દેશના કે વિદેશના કોઈપણ જાતના ભેદ વગર તમામ બાળદેવતાઓનો યજ્ઞોપવીત સંસ્કારપર્વમાં સમાવેશ થયેલો છે. આ પર્વમાં એવું પણ નથી કે જેની આર્થિક પરિસ્થિતિ નબળી હોય અને પ્રસંગ કરી શકતા ના હોય અને તે કારણોસર આ સમૂહ યજ્ઞોપવીત સંસ્કારપર્વનું આયોજન કરેલ છે. ના તેવું પણ નહોતું. પરંતુ આ તો પૂજ્ય શ્રી'મા'ની પ્રેમલીલા છે અને પૂજ્ય શ્રી'મા'ની અહૈતુકી વરસવાની દિવ્ય લીલા છે. આપણે સૌ જાણીએ છીએ આપણા પૂજ્ય શ્રી'મા' તો ભાવના ભૂખ્યા છે. તમે કદાચ એક વાર જ મળ્યા હોય પણ તમારી પાસે અખૂટ શ્રદ્ધાનો જો ભંડાર હોય તો પૂજ્ય શ્રી'મા' અનરાધાર વરસવાની હંમેશાં તૈયારી રાખે છે. નિયત આપણી ભીંજવાની હોવી

જોઈએ. પૂજ્ય શ્રી'મા' ૧૦૦૦ ડગલાં ભરવા તૈયાર છે. પણ જો આપણે માત્ર ૧ ડગલું ભરવા તૈયાર થઈએ તો ! આ પૃથ્વી પટે આવી અસીમ વિશેષતાથી સજ્જ પૂજ્ય શ્રી 'મા' એ આપણાં સૌ માટે પૂજ્ય શ્રી પ્રભુએ આપેલ સર્વોત્તમ આધ્યાત્મિક ખજાનો છે. જે કોઈ પણ જાતની વિશેષ સાધના, તપ કે લાયકાત વગર આપણને સૌને સહજ રીતે પ્રાપ્ત થયેલ છે. તો જ્યારે જ્યારે સમય મળે ત્યારે લૂંટવાનો છે. પૂજ્ય શ્રી'મા' તો લૂંટાવવા બેઠાં છે. પણ આપણે સૌ ઢીલાપોચા છીએ. કે આપણી તાકાત નથી કે આપણે એ ખજાનો લૂંટી શકીએ. પૂજ્ય શ્રી'મા'એ વિવિધ પથ આત્મોન્નતિ માટેના બતાવ્યા છે. પાઠ, પારાયણ, જપ, પ્રાર્થના, પ્રણામ, સેવા, સાધના આવા અનેક પથ પરથી પસાર થઈ પરબ્રહ્મ પરમાત્મા સુધી પહોંચી શકાય. અનેક શક્યતાઓથી ભરેલું આ મનુષ્યજીવન આપણા સૌને પ્રાપ્ત થયું છે. તો પરમાર્થ કરી લઈએ. આપણી સમક્ષ પ્રગટ પરમાત્મા સ્વયં બિરાજમાન છે. તો આવા નાના પ્રયત્નો તો કરીએ ?

અરે આ બાળદેવતાઓના સમૂહ યજ્ઞોપવીત સંસ્કારપર્વ માટે તારીખનો પણ આગ્રહ પૂજ્ય શ્રી'મા'એ નહોતો રાખ્યો જે સર્વાનુમતે નક્કી થાય તે દિવસ નક્કી કરવામાં આવ્યો હતો કેવી ઉદારતા ! પૂજ્ય શ્રી'મા'ની, બાકી આયોજકો નક્કી કરે તે તારીખે પર્વ નક્કી થતું હોય. પણ આ આપણાં પૂજ્ય શ્રી 'મા' તો કરુણામયી પ્રેમની મૂરત છે. દયાળુ છે. ઉદાર છે. તેમજ આ સૌ બાળદેવતાઓના માતાપિતાને આ પર્વ માટે નિયમ લેવાનું કહ્યું હતું અને તે પ્રમાણે સૌ બાળદેવતાનાં માતાપિતાએ તે એક પેપર ઉપર લખીને આપવાનું હતું તેમાં સૌએ પોતાના ભાવ વ્યક્ત કર્યા હતા અને અને કેટલા જપ કરશે તેની સંખ્યા પણ

લખી હતી અને તે મોટા ભાગે તો સૌ એ પૂર્ણ કર્યા હતા અને જેના બાકી છે તે ઘરેથી પણ પૂર્ણ કરશે. અને સ્વર્ગારોહણ તીર્થમાં તા.૧૫/૦૨/૨૦૨૫ના રોજ રાત્રિની બેઠકમાં ગરબા પછી પૂજ્ય શ્રી'મા'એ કહ્યું હતું કે આ મંડપમાં બિરાજમાન પ્રભુ સાથે કોણ કોણ બેસવા તૈયાર છે પૂજ્ય શ્રી પ્રભુને ત્યાં એકલા કેમ છોડી દેવાય ? જે પ્રભુ આપણા સૌ માટે ૨૪x૩૬૫ દિવસ ખડે ચરણે બિરાજમાન હોય તેમને સાથ તો આપવો જ પડે ને ! આપણે બધા સૂઈ જઈએ તે કેમ ચાલે ? પૂજ્ય શ્રી'મા' બધાને જગાડતાં રહે છે જાગ્રત કરતાં રહે છે રાત્રિમાં બે બે કલાકનો વિભાગ હતો હું પણ સવારે ૪ થી ૬ માં જોડાયો હતો. બાળદેવતાઓના માતા-પિતા તો જોડાવવાના હતા જ પણ તેમને સાથે આપવા અન્ય સાધકો પણ જોડાયા હતા. સ્વૈચ્છિક હતું. જેને પોતાને એમ લાગે મારાથી આ થઈ શકશે તે સૌએ સ્નેહલ મહારાજને નામ નોંધાવવાના હતા. અરે ખુદ સ્નેહલ મહારાજ પણ સવારે ૪.૦૦ થી ૬.૦૦ મા પૂજ્ય શ્રીપ્રભુને સાથ આપવા બેઠા હતા. સૌએ પૂજ્ય શ્રી'મા'ના અમૂલ્ય સૂચનને વધાવ્યું હતું. અને પૂજ્ય શ્રી'મા' પણ સ્વર્ગારોહણ તીર્થના નિત્ય ક્રમને હર હંમેશાં યાદ રાખે છે. સમયની બાંધછોડ કરે પણ પૂજ્યશ્રી પ્રભુને નિત્ય યાદ કરવાની પરંપરામાં ક્યારે કોઈ ઓટ આવતી નથી. હે 'મા' આ રીતે સાધનાનાં નાનાં નાનાં પગથિયાં ચઢાવી રહ્યાં છો તેના માટે પણ આપનો ખૂબ ખૂબ આભાર.

પૂજ્ય શ્રી'મા'એ સૌ બાળદેવતાઓનાં સ્વજનોની યાદી મંગાવી છે. જે બાળદેવતાઓના સગાં સ્વજનો યજ્ઞોપવીત સંસ્કારપર્વમાં પધારવાનાં હોય તેમનાં નામની યાદી મંગાવી છે. નામ, ઉંમર અને બાળદેવતા સાથે સંબંધ દર્શાવવાનો હતો. કોઈ પણ મર્યાદા વગર પૂજ્ય શ્રી'મા'એ યાદી બનાવવા સૂચન કર્યું

છે. પૂજ્ય શ્રી'મા' આ સ્વર્ગારોહણ તીર્થના દ્વારે આવેલ એક પણ સ્વજન ખાલી હાથે ના જાય તેની માટે સતત પ્રયત્નશીલ છે. પૂજ્ય શ્રી'મા' એ ૧૫ સાંજથી સૌ બાળદેવતાઓના સ્વજનોના ભોજન પ્રસાદની વ્યવસ્થા સ્વર્ગારોહણ તીર્થમાં કરશે તેમ કહ્યું હતું. પરંતુ પૂજ્ય શ્રી'મા'એ ૧૪મી સવારથી જ સૌ માટે ભોજનપ્રસાદની વ્યવસ્થા શરૂ કરી દીધી હતી.

આખા સ્વર્ગારોહણ તીર્થને સાધકો/ભક્તો સ્વજનો દ્વારા જ સજાવવામાં આવ્યું હતું. કોઈ પ્રતિષ્ઠિત વ્યક્તિને ત્યાં પ્રસંગ હોય અને શણગાર કરવાનો હોય તે રીતે આખા સ્વર્ગારોહણ તીર્થ રોશનીથી ઝગમગ થઈ ગયું હતું. સરસ મંડપ બાંધવામાં આવ્યો હતો અને તેને પણ સજાવવામાં આવ્યો હતો. પૂજ્ય શ્રી પ્રભુને બિરાજમાન કરવા માટે મંડપમાં બે સ્થાન રાખવામાં આવેલ હતાં. એક સ્વરૂપને બાળદેવતાઓએ શોભાયાત્રા કરી પાલખીમાં પધરાવ્યું હતું. અરે પૂજ્ય શ્રી 'મા' પણ સૌ બાળદેવતાઓ સાથે શોભાયાત્રામાં જોડાયાં છે. તેમજ એક પૂજ્ય શ્રી પ્રભુનું સ્વરૂપ સતત ખડે પગે ઊભા જ છે તે પણ ત્યાં બિરાજમાન થયેલ છે. જાણે સ્વર્ગાહોણ તીર્થના કોઈપણ સ્વજનને પડખે દોડવા તત્પર પૂજ્ય શ્રી પ્રભુ બિરાજમાન છે જ તેમ અનુભવાય છે. અરે એ બાળદેવતાઓના સ્વજનોની પાછળ તેમનાં જ પ્રિય સ્વજનો સ્થાન લઈ શકે તે માટે ત્યાં ગાદલાં પાથરવામાં આવ્યાં છે. અને તેની પાછળ ખુરશીઓ પણ છે. જેથી વડીલો સ્થાન લઈ શકે કેવી ઉત્તમ વ્યવસ્થા. કેવુ સ્વાગત કેવું સન્માન અને તે વ્યવસ્થા સાચવવા આપણા જ સેવક સ્વજનો પણ ખડે પગે ઊભા છે.

નવે બાળદેવતાઓના મોટા કટ આઉટ સાથે તેમજ તેમના ફોટાની નીચે યજ્ઞોપવીત સંસ્કારપર્વના નાનાં સુવાક્યો થકી

સમજણ આપતા દર્શાવેલ છે. તેની ઝલક અત્રે જોઈએ તેમાં લખ્યું છે કે "જનોઈ એટલે વૈદિક જીવનની દીક્ષા" બીજામાં "જનોઈ એટલે જીવનમાં નિયંત્રણ કરવું." ત્રીજામાં "જનોઈ એટલે જીવનનું પરમ લક્ષ્ય નક્કી કરવું." તો ચોથામાં "જનોઈ એટલે તેજની ઉપાસના કરવી" પાંચમામાં "જનોઈ એટલે માનવને નમ્રતાનો પાઠ શીખવે છે." છઠ્ઠામાં "ઋષિઋણની કલ્પના, સ્વકર્તવ્યનું ભાન, તેમજ હરિની હાજરીની અનુભૂતિ" તો વળી સાતમામાં "તેજસ્વી બુદ્ધિની દીક્ષા" આવા સુંદર સુવાક્યો બાળદેવતાઓના મોટા કટઆઉટની નીચે આકાર પામ્યા છે. એક ગર્ભિત ઈશારો પણ કરી દીધો છે. કે જનોઈ આપ્યા પછી બાળદેવતાઓએ જીવનમાં શું કરવાનું છે તે તેમના ધ્યાનમાં રહે.

તો આખા સ્વર્ગારોહણ તીર્થમાં પ્રદક્ષિણાપથ પર બાળદેવતાઓના ફોટા તેમના માતાપિતાની સાથે મૂકેલા છે. જેથી તે બાળદેવતાઓના માતા-પિતાને સૌ સ્વજનો જોઈ શકે, ઓળખી શકે. તેમજ સ્વર્ગારોહણ તીર્થના ભાઈઓ તેમજ બહેનોના નિવાસની બહારની દિવાલો પર પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુના રાષ્ટ્રભક્તિ અંગેના સંદેશા, શ્રી વિવેકાનંદજીના સુવાક્યો જે વાંચીને બાળદેવતાઓમાં એક નૈતિક જુસ્સો પ્રગટે, દેશભક્તિની ભાવના પણ પૂજ્ય શ્રી 'મા' બાળદેવતાઓના જીવનમાં જગાડવા માગે છે. તે આપણે જોઈએ "જુઓ પાછી કરો પાની, વતનનો સાદ આવ્યો છે. લઈ લો અજબની લહાણી, વતનનો સાદ આવ્યો છે. ઉડાડી દો હવે નિદ્રા, તમે રંગીનશાં સ્વપ્નાં ભલે હો અજ્ઞ કે જ્ઞાની, વતનનો સાદ આવ્યો છે." બીજા પર દર્શાવેલ છે કે "જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ મહાન છે. સંતો અને તીર્થો ભારતની સાચી સંપત્તિ છે."

અને ત્રીજામાં “મંગલ મારા દેશ રૂપાળા ! વંદન કોટિ કરું તને હું.” તો વળી ચોથામાં “ઓ ભારત તારી શાન રહો ! પાંચ ખંડની પૃથ્વીમા તું અવિચળ એવું સ્થાન લહો ! ડરશો કે ડગશો નહિ શૂરા ને સંગ્રામમમાં વીર બની મહાલજો, ભરે આશ ને હામ” અને છઠ્ઠામાં “દેશપ્રેમનું પગથિયું સ્વાર્થને ભૂંસી સર્વસ્વનો અંશ બનવાનું છે. ભીતિ બધી આજ દો છોડી ભારતવાસી, હિંમત દેતા નહિ તોડી ભારતવાસી, ભીતિ બધી આજ દો છોડી,” તો સાતમામાં “સૌથી પ્યારી છે આઝાદી, સૌથી પ્યારી છે આઝાદી, એને કાજે અમે જિંદગી સદા રહ્યા ધારી, મિલકત બધી અમારી એના પર જઈએ વારી” વળી સ્વર્ગારોહણ તીર્થના બાગમાં જે કલાત્મક સ્પીકરો મૂકેલા છે તેના પર પણ પૂજ્ય શ્રી પ્રભુના દિવ્ય સંદેશા સજાવેલા છે. તેમાં “જે કાંઈ થઈ રહ્યું છે. થશે તે મંગલને માટે જ” તો બીજામાં “સાગરમાં પડ્યા એટલે મોજાં તો આવવાનાં જ મોજાંથી ડરશે તો કેમ ચાલશે ?” તો ત્રીજામાં “રાત પછી દિવસ, દિવસ પછી રાત “મા”ની કૃપાથી થાય શાશ્વત પ્રભાત.” તો પૂજ્ય શ્રી‘મા’ના સ્વરૂપ સાથેના શાશ્વત સંદેશામાં જે છે તે આ રહ્યું. “લખે ત્યારે સરસ્વતી, અર્પે ત્યારે લક્ષ્મી તપે ત્યારે પાર્વતી એ જ ‘મા’ ભગવતી” તો બીજામાં “ભક્તો ઊભા થશે તો “મા” ચાલશે. ને ભક્તો ચાલશે તો ‘મા’ દોડશે.” “સાધનાથી જે કંઈ મળે છે તે કદી પણ કલમ કે વાણીથી પૂરું વ્યક્ત ન થઈ શકે.” ‘મા’નો અભિગમ સુ-દર્શનનો. સારું તેટલું આપણું “મંદિરમાં પવિત્ર પરમાણુઓનો લાભ તો મળે જ. બધા જ એકલા પડે છે. પણ તો જ ભગવાન સાથે જ રહેવા આવી શકે” તો ત્રીજામાં “હ” કહેતાં જ હરિ દોડે છે. “હરિ” શબ્દ આખો બોલવો ન પડે. ચિંતા કરવાની જોબ પ્રભુની છે. એ વળી આપણે શા માટે

ઝૂંટવી લેવાની. હરિ ! આપ જેની પસંદગી કરો તે કનકપાત્ર બને છે. પ્રભુની ગ્રેસ એન્ડ બ્લેસ નામની કંપની છે. અખંડ આનંદની પ્રાપ્તિ પછી બહારનાં સાધનોની જરૂર ના પડે.

આમ સ્વર્ગારોહણ તીર્થને પતાકાઓથી પણ શણગારવામાં આવ્યું છે જેમાં પૂજ્ય શ્રી'મા'ના ૧૦૮ નામવાળી પતાકાઓ લગાવેલી છે. જેમાં "મા રક્ષેશ્વરી કરું પ્રણામ," "મા વ્હાલેશ્વરી કરું પ્રણામ," "મા અંકેશ્વરી કરું પ્રણામ" ખાલી નેત્રોથી નજર કરીએ તો નેત્રમાંથી આ બધા દ્રશ્યો પ્રવેશી આ જીવનના ઉદ્ધાર માટે જાણે પૂરતું ભાથું છે. એક જાતની ખુમારી અનુભવાય, આખું વાતાવરણ જાણે પોઝિટિવિટીથી ભરપૂર તેમજ જ્યાં જ્યાં સાધક/ભક્તો કે સ્વજનની નજર પડે ત્યાંથી કોઈ સારો વિચાર પ્રાપ્ત થાય. એ માટે બધી અર્થસભર સજાવટ થયેલી છે. તેમ ભાસે છે. પૂજ્ય શ્રીપ્રભુનાં સ્વરૂપોને સરસ તાજા હારોથી સજાવવામાં આવે છે. તેમજ પૂજ્ય શ્રી'મા'ના નિવાસમાં પણ લીલીનાં ફૂલો શોભી રહ્યાં છે. વળી ગુલદસ્તા પણ બધે સજાવ્યા છે. અને આ બધા હારોમાં વિદેશથી મંગાવવામાં આવેલા ફૂલો પણ સામેલ થયેલ છે. અરે તાજા તાજા હાર પૂજ્ય શ્રી પ્રભુ માટે છેક વડોદરાથી મંગાવવામાં આવ્યા છે. તેમજ દિવસ દરમિયાન કરમાઈ ના જાય તે માટેનો પ્રબંધ પણ પૂજ્ય શ્રી'મા'એ કરાવડાવ્યો છે.

યજ્ઞોપવીત સંસ્કારપર્વની ઉજવણી બે દિવસ માટે આયોજિત થયેલ છે. સૌ પ્રથમ આ સ્થાનના દેવતા એટલે કે પૂજ્ય શ્રી'મા' સૌ બાળકોને અને તેમના માતાપિતાને ગ્રામ દેવતા એટલે કે અંબાજી માતાજીના મંદિરે સૌને દર્શન કરવા મોકલે છે, સૌને આશીર્વાદ લેવા મોકલે છે. પૂજ્ય શ્રી'મા'ને આ બાળદેવતાઓને કષ્ટ ના પડે તે માટે વિશેષ કાળજી રાખે છે. વિધિ ચાલુ હોય

ત્યારે પૂજ્ય શ્રી 'મા' આ બાળદેવતાઓને જરૂર હોય ત્યાં સુધી વિધિમાં બેસવા દે અને ત્યાર પછી પોતાની પાસે બોલાવી સામેથી સાંનિધ્ય અર્પે છે. અને તેઓનો મનગમતો પ્રસાદ આપે છે. અને બાળદેવતાઓને તેમની મનગમતી પ્રવૃત્તિ કરવા માટે પ્રેરે છે. બાળકો "ૐ મા" "જય મા" અને "જય જય કૃપાળુ મા"ના નારાથી સ્વર્ગારોહણ તીર્થને ગજવે છે. અને પૂજ્ય શ્રી 'મા'નો પ્રેમનો પ્રત્યુત્તર આપે છે.

અને સ્વર્ગારોહણ તીર્થ દ્વારે પધારેલાં સર્વ સ્વજનોને અવ્યવસ્થા ના થાય તે માટે પૂજ્ય શ્રી માટે સ્વર્ગારોહણ તીર્થની સામે એક પાર્ટી પ્લોટ બુક કરાવેલો છે. જેથી બધાં સ્વજનો શાંતિથી દૂધ, નાસ્તો કે ભોજનપ્રસાદ ગ્રહણ કરી શકે, વળી ૧૫ થી ૨૦ સાધક સ્વજનો ત્યાં પણ સેવા માટે હાજર છે. પૂજ્ય શ્રી'મા'ની સૂચના છે કે દરેક સાધકે ભોજનપ્રસાદ બેસીને જ લેવાનો છે. વળી પોતાના જૂતાં-ચંપલને બહાર કાઢીને પછી ભોજનશાળામાં પ્રવેશ મેળવવાનો છે. તેમજ બધો ભોજનપ્રસાદ પીરસાઈ ગયા પછી 'આ અન્ન બ્રહ્મારૂપ છે' ની પ્રાર્થના સમૂહમાં સાથે કરવાની છે. ત્યાર બાદ જ ભોજનપ્રસાદ લેવાનો છે. તેમજ ભોજનપ્રસાદ જરૂર હોય તેટલો લેવાનો છે. તેમજ તેટલો જ પીરસવાનો છો. અન્ન ગ્રહણ કરતી વખતે મૌન ધારણ કરવાનું છે. સંપૂર્ણ પવિત્રતા જાળવવાની છે. વળી ભોજનશાળામાં પ્રવેશવા માટે દરેક સ્વજનને એક ઓળખકાર્ડ પણ આપેલું છે. જે દરેક સાધક/ભક્ત સ્વજનોની ઓળખ છે. જેમની પાસે હોય તેમને જ ભોજનશાળામાં પ્રવેશ આપવાનો છે. તેને ચેક કરવા પણ સ્વજનો ત્યાં ખડે પગે ઊભાં છે. તેમજ ભોજનપ્રસાદમાં ઉત્તમ ભોજનના વ્યંજનો શ્રીતારકભાઈ અમીન અને તેના સહયોગી દ્વારા પ્રાપ્ત થાય છે.

બાળદેવતાઓને પહેલા દિવસે સૌને ત્રિરંગા પાઘડી તેમજ બીજા દિવસે સૌને ધોતી તેમજ તે જ દિવસે ઉપનયન સંસ્કાર બાદનાં વસ્ત્રો તેમજ પાઘડી તેમજ ત્યાર બાદ પણ ઘરે પહેરવા સાદી ટોપી પ્રસાદમાં મળેલ છે. બાળદેવતાઓનાં માતાપિતાને માટે પણ અધધધ થાય તેટલો પ્રસાદ છે. ઉપનયન સંસ્કાર પહેલાં બાળકોના માથાના વાળ ઉતારવાની વિધિ થાય છે. અને એ વિધિ પછી પૂજ્ય શ્રી'મા' દરેક બાળકના મસ્તકે પોતાના દિવ્ય વરદ્ હસ્તકથી ચંદનનો લેપ લગાડે છે. અને એ ક્રિયા એટલી બધી શાંતિથી કરે છે. કે સામે બેઠેલાં સૌ સ્વજનોને ઈર્ષા થાય કે આપણે પણ આ આપણા વાળ અર્પણ કરી પૂજ્ય શ્રી'મા'ના સાંનિધ્યમાં બેસી આ ચંદનનો લેપ કરી લઈએ તો આપણને પણ પૂજ્ય શ્રી'મા'ના કોમળ મમતાભર્યા હૂંફાળા વરદહસ્તનો સ્પર્શ થાય અને આપણે એ સ્પર્શમાત્રથી ઝંકૃત થઈ જઈએ અને આ દેહનાં અનેક જન્મોનાં પાપો બળીને નષ્ટ થઈ જાય. તેમજ આપણા જેટલાં પણ મમત્ત્વના જાળાં છે. તે સૌ એક સાથે કપાઈ જાય, અને એક મમતાળું 'મા'ના વરદ્ હસ્તથી આ આખા શરીરમાં અનેક અજાગ્રત શક્તિઓ જાગ્રત થાય પૂર્વના સંસ્કારો જાગી જાય અને આ શરીરની માયા જેમાં છે તે રાગ દ્વેષ, મોહ, મમતા, અહંકાર, અભિમાન જેવા અનેક દૂષણોનો રાવણ નાશ પામે. અને એક નવો જન્મ પામીએ તેમ વિચાર મનમાં ઊઠ્યો. અને મન રોમાંચિત થઈ ઊઠ્યું. પણ આવું આપણું ભાગ્ય ક્યાં ? કેટલા ભાવથી પૂજ્ય શ્રી 'મા' દરેક બાળદેવતાને પ્રેમથી પંપાળતા ત્યાર બાદ કોઈની પીઠમાં પણ ચંદન લગાવી આપતાં તો કોઈના કાંડા ઉપર ચંદનનો લેપ કરી આપતાં શ્રીરથીભાઈને પણ આ વિશેષ લાભ પ્રાપ્ત થાય છે. ત્યાર બાદ પૂજ્ય શ્રી'મા' દિવ્ય લેપ અને શુભ સંકલ્પ પછી દરેક

બાળદેવતાને ચૉકલેટ અને પીસ્તાં આપે છે. જે બાળદેવતાઓ સ્ટેજ પર બેસીને જ આરોગી રહ્યા છે. પછી પૂજ્ય શ્રી'મા' દરેક બાળદેવતાઓને જનોઈ પ્રદાન કરે છે. જે જનોઈ શાસ્ત્રોક્ત વિધિથી બાળકોને સ્નેહલ મહારાજ અને સાથી પંડિતો પહેરાવશે. અને જનોઈ પહેરાવતાં પહેલાં જનોઈનું શું મહત્ત્વ છે ? કેમ જનોઈ ધારણ કરવાની ? કેટલા સમયમાં જનોઈ બદલવી જોઈએ ? ઘરમાં કઈ કઈ ઘટના ઘટે તો જનોઈ બદલવી જોઈએ ? અને જનોઈ ધારણ કર્યા પછી બાળદેવતાઓનું કર્તવ્ય શું છે ? જનોઈમાં કુલ નવ તંતુ છે. તેમાં વસતા બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને અન્ય દેવો વિશે પણ સમજ આપી, અને તે પણ સરળ ભાષામાં તેમજ મરાઠી ભાષામાં શ્રીઅર્પિતાબહેને સમજ આપી. જનોઈ ધારણ કર્યા પછી કયાં કાર્યો ન કરાય તે અંગેની સમજ બાળદેવતાઓને તેમજ તેમાંનાં માતા-પિતાને પણ આપી. જનોઈ ધારણ કર્યા પછી અસત્યનું આચરણ ના કરાય, જનોઈ ધારણ કર્યા બાદ ગુરુઆજ્ઞાનું પાલન કરવાનું છે જ્યારે જ્યારે ગુરુ સાદ પાડે ત્યારે દોડતા હાજર થવાનું છે. અપશબ્દોનો ત્યાગ, વ્યસનોનો ત્યાગ, ભોજનપ્રસાદમાં જે મળ્યું હોય તેજ પ્રેમથી ગ્રહણ કરવું. ત્યાર બાદ જનોઈની વિધિ સંપન્ન થતાં વચ્ચે બાળદેવતાઓના સગાંસ્વજનોને વારાફરતી સ્ટેજ પર બોલાવવામાં આવે છે. તેમજ તે સૌને બાળદેવતાની માતા દ્વારા પૂજ્ય શ્રી'મા'ને પરિચય આપવામાં આવે છે. કે આવનાર સ્વજન સાથે બાળદેવતાનું શું સગપણ થાય. તેમજ પૂજ્ય શ્રી'મા' દ્વારા તે સૌ સ્વજનોનો સત્કાર અને સન્માન કરવામાં આવે છે. કેટલાંક સ્વજનો સાથે શબ્દોની આપ લે થાય છે તો કેટલાંક સ્વજનો પૂજ્ય શ્રી'મા'નો દિવ્ય સ્પર્શ પામે છે. તેમાં પણ ભૂદેવોને ધોતીનો પ્રસાદ અને શ્રીલક્ષ્મીનો પ્રસાદ સૌને પ્રાપ્ત થયો

છે. શ્રી ગંગાજીનો પ્રસાદ પણ પ્રાપ્ત થયો છે. સૌ સગાં સ્વજનો ઉત્સાહથી સ્ટેજ ઉપર આવે છે. અને પોતાની જાતને ભાગ્યશાળી માને છે. પૂજ્ય શ્રી'મા'ની પાસેથી પ્રસાદ અને આશીર્વાદ અને પૂજ્ય શ્રી'મા'ની સન્મુખ ઊભાં રહેવાનું અને પૂજ્ય શ્રી'મા'નું પરમ સાંનિધ્ય પામી ગર્વની લાગણી અનુભવતાં સ્ટેજ ઉપરથી વિદાય લઈ રહ્યાં છે. પૂજ્ય શ્રી'મા'ને જોતાં જ સૌ ઝુકી જાય છે. બાળદેવતાની બળવાની વિધિ પણ સરસ રીતે સંપન્ન થાય છે. બાળદેવતાઓ પોતાના મામાને બરાબરના દોડાવે છે. ત્યાર બાદ સૌ બાળદેવતાઓ પૂજ્ય શ્રી'મા'ની શરણમાં બેઠા છે. અને સ્વયં પૂજ્ય શ્રી'મા' પોતાના વરદ હસ્તથી તે સૌને પ્રસાદનું વિતરણ કરે છે. ત્યારે શ્રી દેવાંગભાઈ પણ સરસ પદ ગાય છે.. "જેવો છું તેવો હું સ્વીકારી લે જે તું.." જાણે ઉપનયન સંસ્કાર. 'મા' આવેલ સગાં સ્વજનો તેમજ ભક્ત સ્વજનોના દિલની વાત કે હે 'મા' અમે જેવા છે તેવા આપ અમારો સ્વીકાર કરો. જાણે અજાણે વ્યક્ત થાય છે. તેમજ બાળ દેવતાઓને જે જે વસ્તુઓ પ્રસાદમાં આપી છે તેની શું જરૂરિયાત છે તે પણ હસતાં હસતાં સમજાવે છે. અને દરેક પ્રસાદને વધાવે છે. અને તે પ્રસાદ બાળદેવતાઓને શું કામ આવશે તેની પણ સમજ આપતા જાય છે. અરે આ બાળદેવતાઓને ૩૫ થી પણ વધારે વસ્તુઓ પ્રસાદમાં પ્રાપ્ત થઈ છે. અને તે પણ પૂજ્ય શ્રી 'મા' સ્વયં ઊભાં રહી આ બાળદેવતાઓને સતત આપતાં રહે છે. બાળદેવતાઓને વચ્ચે વચ્ચે સમજાવે પણ છે. પૂજ્ય શ્રી'મા'ની આ બધી લીલાઓ જોઈને સૌ સગાંસ્વજનો અને ભક્તસ્વજનો પણ વિસ્મય પામી રહ્યા છે. અને સતત પૂજ્ય શ્રી'મા'ને વંદન કરી રહ્યાં છે.

આ બળદેવતાઓ આજે જાણે રાજાના કુંવર હોય તેમ દેખાય

છે. અને તેમનો અંદરનો આનંદ તેમના ચહેરા પર દેખાઈ રહ્યો છે. તે સૌ માટે સુંદર બગી પણ બોલાવવામાં આવી છે. તે સૌ તેમાં બિરાજમાન થયા છે. અને ઢોલી પણ બોલાવવામાં આવ્યા છે. પાંચ થી છ જેટલા ઢોલી ભાઈઓ સરસ રીતે ઢોલ વગાડે છે. અને આ બાળકોના સગાંસ્વજનો સાધકો સૌ શોભાયાત્રામાં સામેલ થયા છે. સૌ નાચતાકૂદતા ગરબે ઘૂમતા બાળદેવતાઓને ચાર રસ્તા સુધી લઈ જાય છે અને ત્યાંથી પાછા લાવે છે. અરે સ્વયં માતાજી જ્યાં સાક્ષાત બિરાજમાન છે ત્યાં આનંદ જ આનંદ છે. આપણી પ્રાર્થના સંભળાય અને આપણી સર્વ સાત્ત્વિક ઇચ્છાઓ જ્યાં પૂર્ણ થાય. માગેલું સહજમાં પ્રાપ્ત થાય તે જ આપણા ભગવાન કહેવાય ને ! તે સૌ સમજે છે. આ પૂજ્ય શ્રી'મા'ના રાજમાં પ્રાર્થના માટે હાથ ઉપર ઊઠે તે પહેલાં પ્રાર્થના મંજૂર થાય છે. કદાચ સાધકો/ભક્તોના નસીબથી વસ્તુ પ્રાપ્ત થતી હશે પણ પૂજ્ય શ્રી'મા' પાસેથી આવવાથી જ સાધકો/ભક્તોના નસીબ ખૂલતાં જોયા છે. અને તે સૌને નસીબદાર બનતાં જોયા છે.

આમ જોવા જઈએ તો આપણે બધા સુદામા જ છીએ. અને સુદામા એટલે લાચાર, દુર્બળ અસમર્થ, અસહાય આપણા દરેકના જીવનમાં ક્યારે ને ક્યારે તો એક એવો તબક્કો આવતો હોય જ્યારે આપણે સુદામા જેવી પરિસ્થિતિનો અનુભવ કરીએ છીએ અને ત્યારે. આપણી મદદે શ્રીકૃષ્ણ વાંસળી લઈને જ આવે એવું નથી આ પૂજ્ય શ્રી'મા' પણ શ્રી કૃષ્ણ જ છે જે સાડલો પહેરીને આપણી પડખે આવી ને ઊભાં રહે છે. આપણો પડછાયો બની સાથે રહે છે. આપણને પળે પળે પાસે રાખી આપણા બધા કાર્યોમાં સતત મદદ કરે છે. તેનું દર્શન આ ઉપનયન સંસ્કારમાં તો થયું જ છે. પણ આપના સૌના જીવનમાં

સૌથી દુઃખી પળોમાં પૂજ્ય શ્રી'મા' જ મદદે દોડતાં જોયાં છે. અનેક રૂપે અનેક રીતે અનેક સ્વરૂપે સતત પડખે રહી હજારો હાથે કામ કરતાં રહે છે. અને આપણા કામ પાર પાડતાં રહે છે.

આ પર્વમાં પૂજ્ય શ્રી 'મા'એ બાળ ઉર્વના સંકલ્પને કેવી ભવ્ય રીતે વધાવ્યો તે પણ સૌએ દર્શન કર્યા. ઉર્વ વિદેશથી ભારત લગ્ન પ્રસંગ માટે આવ્યો હતો અને તેને શ્રીમહાકાલનાં દર્શને જવાનો વિચાર આવે છે. અને ત્યાં શ્રીમહાકાલનાં દર્શન પછી ભાવ સાથે તેને એક શિવલિંગ પૂજા કરવા માટે વસાવવાનું મન થાય છે અને તે શિવલિંગ વસાવ્યા પછી એને એવી પ્રેરણા થઈ કે આ શિવલિંગ પૂજ્ય શ્રી'મા'નો દિવ્ય સ્પર્શ કરીને મને આપે પછી આ શિવલિંગને પૂજાસ્થાનમાં મૂકીશ. અને હું પૂજા કરીશ. ઉર્વને શ્રી મહાકાલથી સીધું જ સ્વર્ગારોહણ તીર્થ આવવું હોય છે. પરંતુ એના વિદેશ જવાનો એક કે બે જ દિવસ બાકી હોય તેણે તે શિવલિંગ તેની માતા એટલે હેમાબેનને આપ્યું કે માતા તમે પૂજ્ય શ્રી'મા' પાસે દિવ્ય સ્પર્શ કરાવીને લાવજો. અને હેમાબેન તે પૂજ્ય શ્રી'મા'ને શિવલિંગ આપે છે. પૂજ્ય શ્રી'મા' કહે છે તમે મને યાદ કરાવજો તો આપણે એની પૂજા કરાવીશું. જ્યારે હેમાબહેન પૂજ્ય શ્રી'મા'ને યાદ કરાવવા ગયા ત્યારે ત્યાં રસ્તામાં જ સ્નેહલભાઈ મળે છે અને સ્નેહલભાઈ કહે છે પૂજ્ય શ્રી 'મા'એ શિવલિંગની પૂજા કરાવવા માટે જરૂરી સૂચના મને આપી છે. અને તે મુજબ મંડપમાં શ્રી શંકર ભગવાન માટે સરસ સ્થાન બનાવ્યું છે. રંગોળી પૂરી છે અને પૂજ્ય શ્રી'મા' સ્વયં એ શિવલિંગ લઈને પધારે છે. વાજતે ગાજતે શિવજીની સવારી આવે છે સ્વયં શિવ જ શિવ ને લઈને આવે અને ત્યાં પધરાવવાનો અભિનય કરે છે. કારણ તે તો પ્રતિષ્ઠિત જ છે. અને બધા બાલદેવતાઓ પંડિતની સૂચના

પ્રમાણે શ્રી ગંગાજીના પાવન જળથી અભિષેક કરે છે. અને 'સુહાયે મસ્તક'ની સ્તુતિ સાથે અભિષેક ચાલી રહેલ છે અને આ બધું જોતાં થાય કે એક બાળકની સાત્ત્વિક ઈચ્છાનો કેવો સુંદર પ્રત્યુત્તર પૂજ્ય શ્રી'મા' આપે છે. તેનાં દર્શન સૌ સાધકો/ભક્તોએ કર્યા. અને આ જે સમયે બાળકો શિવલિંગની પૂજા કરતા હોય છે તે જ સમયે આપણા એક સાધક/ભક્તનો પરિવાર સોમનાથ દર્શને ગયાં હોય છે તે સૌ રેતીમાં શિવલિંગ બનાવી તેની પૂજા કરતાં હોય છે. ત્યાં જ અચાનક પાણીનો પ્રવાહ આવે છે અને શિવલિંગ પર ફૂલ અર્પણ થાય છે અને એમનો દીકરો જે શિવલિંગ પાસે હોય છે તે અચાનક ગાયબ થઈ જાય છે અને આજુબાજુ નજર કરવા છતાં ક્યાંય દેખાતો નથી અને આ શું થઈ ગયું તે તેમનાં સ્વજનો અચંબિત બની જોયા કરે છે ત્યાં તેમનો બાળ પાણીથી પલળીને સમુદ્રમાંથી પરત આવતો દેખાય છે અને સૌના જીવમાં જીવ આવે છે. અને આ વાતો સાબિત કરે છે સ્વયં શિવ બની બાળકની રક્ષા કરી તે પરિવાર સ્વર્ગારોહણ પૂજ્ય શ્રી'મા'નો આભાર માનવા સોમનાથથી સ્વર્ગારોહણ આવી ગયો ! આ તદ્દન સત્ય હકીકત છે. તેમના મુખેથી જ તેમણે જણાવેલ હતું.

ભવ્ય રીતે શોભાયાત્રા પાછી સ્વર્ગારોહણ તીર્થમાં આવે છે. પૂજ્ય શ્રી 'મા'એ તારકભાઈના સેવકોને પ્રસાદથી નવડાવી દીધા છે. તે સૌની સેવાને વધાવી છે. શબ્દોથી, પ્રસાદથી, શ્રી લક્ષ્મીથી સન્માન કર્યું છે. અરે આ સ્વર્ગારોહણ તીર્થમાંથી જે જે વિદાય થવાનાં છે તે સૌ માટે પણ સ્વર્ગદ્વારેથી પ્રસાદનો વરસાદ વરસતો રહે છે. અરે પૂજ્ય શ્રી'મા'ના દિવ્ય સ્પર્શ પામેલા પેલા ચંદનના તિલકનો પણ લાભ સૌને આપ્યો છે. બાળદેવતાઓને પૂજ્ય શ્રી'મા'ના હસ્તાક્ષરવાળા બેટ પણ પૂજ્ય શ્રી'મા'એ

પ્રસાદમાં આપ્યા છે. હજુ પ્રસાદની હેલી વરસતી જ રહી છે. અને જે પૂજ્ય શ્રી'મા' પાસે રોકાવાનાં છે તે સૌ પર પ્રસાદની હેલી તો વરસતી રહેશે.

પૂજ્ય શ્રી'મા'એ કહ્યું કે આ ઉપનયન સંસ્કાર માટે ભૂદેવો પાસેથી કે કોઈની પાસેથી એક પણ રૂપિયાની ભીખ માગી નથી કે કોઈની પણ પાસે હાથ લંબાવ્યો નથી. આ પર્વ માટેના આયોજન માટે લાખો રૂપિયા જોઈએ પણ પૂજ્ય શ્રીપ્રભુની કૃપાથી તે બધું સહજ રીતે પાર પડ્યું છે. તે વાતના સૌ સાધકો/ભક્તોએ પ્રત્યક્ષ દર્શન કર્યા છે.

આ બધું જોતાં એક પ્રખ્યાત ભજનના શબ્દો યાદ આવે છે.

મેરા आपकी कृपा से, सब काम हो रहा है । करते हो तुम मैया, मेरा नाम हो रहा है ॥ एहसान पे तेरा ये, एहसान हो रहा है ॥ तूफान आंधियो में, तूने ही मुझको थामा । तुम मैया बन के आए, मैं जब बना सुदामा । तेरे करम से अब ये, सरे आम हो रहा है ॥ मेरा आपकी कृपा से, सब काम हो रहा है । करते हो तुम कन्हैया, मेरा नाम हो रहा है ॥

હે મા ! આપનો ખૂબ ખૂબ આભાર. આપે પર્વમાં હાજર રહી સતત સાંનિધ્ય ધર્યું છે. કેટલાય સાધકો/ભક્તોને રૂબરૂ મુલાકાત આપી તેમની સાથે વાર્તાલાપ કરી તે સૌના મનઅંતરે હાશ ધરી છે. અમે સૌ તો આ માનવદેહે થતાં દૈવી કાર્યો થાય છે તેના સાક્ષી બન્યાં છીએ. આપે બનાવ્યા છે. આપ સૌ પર બેહિસાબ વરસ્યાં છો.. તેમાં ભીંજાતાં સૌનાં દર્શન કર્યા છે. હે પૂજ્ય શ્રી'મા' આપના શ્રીચરણોમાં પ્રણામ, પ્રણામ.

**—શ્રીઅશ્વિન કાકા**

Regd. No. BVHO/113/2024-2026,
Renewed upto 31-12-2026. R.N.I. No. 71957/99

“ મારી આગવી રીતે હું મંદિરનું નિર્માણ કરી જ રહ્યો છું. પંચમહાભૂતનાં હાલતાં ચાલતાં માનવમંદિરોની માવજત કરતાં, એમનો મહિમા દર્શાવતાં હું શ્વાસ લઉં છું. એ મંદિરોમાં મંદ પડેલા કે નામશેષ બનેલા સદ્‌બુદ્ધિના શ્રદ્ધાભકિતના દીપકને જગાડી, નવી શકિત ધરી, દેવીના દેવ આત્મદેવની આરાધના બતાવું છું. ”

- શ્રીયોગેશ્વરજી

Permitted to SPO's Bhavnagar, Posted at RMS Office Bhavnagar
on 1st of every month. Total Volume Pages 68,
Price per copy Rs.8/- Annual Subscription Rs.25/-